રાજકોર મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 242 | Dt. 13-10-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906 RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

વિપક્ષોની આક્રમક સુપ્રીમ કૂચ

રાહુલ ગાંધી અને અન્ય દિગ્ગજ નેતાઓનું સરકાર વિરુદ્ધ આક્રમક વલણ : ચૂંટણી કમિશનરને હટાવવાની અરજી ફગાવતી સુપ્રીમ

નવી દિલ્હી, તા.૧૨

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ફરી રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ''ઈ.ગ.ઉ.ઈ.અ ગઠબંધન દ્વારા સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કાઢવાની જાહેરાત કરવામાં આવી છે, જોકે મુખ્ય ન્યાયાધીશ (CJI) એ વિપક્ષી સાંસદોની અરજી ફગાવી દીધી છે. આ દરમિયાન રાહુલ ગાંધી અને અન્ય દિગ્ગજ નેતાઓએ સરકાર વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે.

બારાખંભા રોડથી આ કૂચની શરૂઆત થઈ ચૂકી છે. રાહુલ ગાંધી સહિતના ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ બસમાં સવાર થઈ ચૂક્યા છે. તેઓ સુપ્રીમ કોર્ટ પહોંચશે અને રિટ પિટિશન ફાઈલ કરશે. આ કુચ કોનેટપ્લેસ બારાખંભાથી શરૂ થઈ હતી. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને વરિષ્ઠ નેતાઓ બસમાં સવાર થયા હતા. જયારે બાકીના સાંસદો સાથે ચાલ્યા હતા. કુચમાં પશ્ચિમ બંગાળના પુર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી તથા સપા નેતા અખિલેશની હાજરી ધ્યાન ખેંચનારી હતી. કોંગ્રેસે આ કુચને લોકશાહી બચાવો કુચ તરીકે નામ આપ્યું છે. શરૂઆતમાં કુચ દ્વારા સીજેઆઇને આવેદન પત્રો આપવાનો કાર્યક્રમ હતો પરંતુ તેમણે મળવાનો ઇનકાર કર્યો હતો. આ માટે તેમણે



કેટલાક કારણો પણ આપ્યા હતા. દિલ્હીમાં ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મેટ્રો રેલવેના છ સ્ટેશનો બંધ રખાયા છે.

દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ દેવેન્દ્ર યાદવે કહ્યું હતું કે દેશભરમાંથી લોકો મોટી સંખ્યામાં એકજૂટ થઈ રહ્યા છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં આજે સુપ્રીમ કોર્ટમાં રિટ પિટિશન દાખલ કરાશે. અમે રાષ્ટ્રપતિને પણ મળી ચૂક્યા છીએ. પછી અમે જંતર મંતર જવાનો પ્રયાસ પણ કર્યો અને રાજઘાટ પણ ગયા. છેલ્લે હવે જ્ઞાનેશ કુમાર રાજીનામુ આપવાનો ઈન્કાર કરી રહ્યા છે એટલે કે અમે આ મામલે આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. કોંગ્રેસ વતી વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને ઈન્ડિયા ગઠબંધનના અન્ય સાથી પક્ષોના ટોચના નેતાઓ કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે એકજૂટ થયા હતા.આમિર ખાનની ભત્રીજી ઝેન મેરી, ઇમરાન ખાન અને લેખા વોશિંગ્ટનની મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે CJI સામેના વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા બદલ અટકાયત કરવામાં આવી હતી. કસ્ટડીમાંથી મુક્ત થયા બાદ ઝેન મેરીએ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને હાથ, આંગળીઓ અને જાંઘ પરની ઈજાના નિશાન બતાવ્યા હતા. મુંબઈમાં પોલીસે પરવાનગી વિના પ્રદર્શન કરવા બદલ ૪૦૦થી વધુ લોકોની અટકાયત કરી હતી. જેમાં ઝેન મેરી પણ સામેલ હતી. કસ્ટડીમાંથી છૂટ્યા બાદ ઝેન મેરીએ રવિવારે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં તેણે પોતાના હાથ, આંગળીઓ, બાજુ અને જાંઘ પર પડેલા કાળા અને વાદળી રંગના ઈજાના નિશાન કેમેરા સામે દર્શાવ્યા હતા. પોતાના શરીર પરના ઘા બતાવતા ઝેને કહ્યું કે, 'અમને એટલા પણ ન ડરાવો કે અમારા મનમાંથી ડર જ પૂરો થઈ જાય.' આ વીડિયોના કેપ્શનમાં તેણે લખ્યું કે, 'હું ઈન્ટરનેટ પર સરકારની પોલ ખોલી રહી છું.'

વિપક્ષી નેતાઓને મળવા સીજેઆઇનો ઇનકારઃ કહ્યું, સુપ્રીમ કોર્ટને આ મામલામાં ન ઘસેડો

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્ય કાંતે દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અંગે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. ઈઉંઈએ કહ્યું કે લોકશાહી અને રાજકીય વિરોધ પ્રદર્શનો ચાલુ રહી શકે છે, પરંતુ સુપ્રીમ કોર્ટને તેમાં ખેંચવી જોઈએ નહીં. તેમણે નોંધ્યું હતું કે કાયદા અનુસાર નિર્ધારિત સ્થળોએ વિરોધ પ્રદર્શનો યોજી શકાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકશાહી પ્રવૃત્તિઓ કાયદાના દાયરામાં રહેવી જોઈએ અને સુપ્રીમ કોર્ટના કામકાજમાં કોઈ અવરોધ ન આવવો જોઈએ. અગાઉ તેમણે વિપક્ષી નેતાઓને મળવાની માગણી નકારતા જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના દરવાજા દરેક માટે ખુલ્લા છે. તેમણે યાદ અપાવ્યું કે બંધારણમાં સત્તાનું સ્પષ્ટ વિભાગ છે. વળી આ મામલો સુપ્રીમમાં પેન્ડિંગ છે. સીજેઆઇ સૂર્ય કાંતે ટિપ્પણી કરી હતી કે જ્યારે લોકશાહી પ્રવૃત્તિઓને સુચારુ રીતે ચાલવા દેવી જોઈએ, ત્યારે સુપ્રીમ કોર્ટના કામકાજમાં અથવા વકીલો, કોર્ટના કર્મચારીઓ અને મુકદ્દમા પક્ષકારોની અવરજવરમાં કોઈ અવરોધ ન આવવો જોઈએ. CJIએ ભારપૂર્વક કહ્યું કે સુપ્રીમ કોર્ટને રાજકીય અખાડો બનવા દેવામાં આવશે નહીં. તેમણે આગ્રહ કર્યો કે દરેક લોકશાહી સંસ્થાને શાંતિપૂર્ણ રીતે કામ કરવાની મંજૂરી મળવી જોઈએ અને વિરોધ પ્રદર્શનો કાયદા અનુસાર નિર્ધારિત સ્થળોએ થવા જોઈએ.

CECને હટાવવા કેરલમ ધારાસભામાં ઠરાવ પસાર

કેરળ વિધાનસભાએ સોમવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને તેમના પદ પરથી હટાવવાની માંગ કરતો ઠરાવ પસાર કર્યો. કેન્દ્ર સરકારને કુમારને તેમના પદ પરથી હટાવવા વિનંતી કરતો આવો ઠરાવ અપનાવનારી આ દેશની પ્રથમ વિધાનસભા છે. ૧૪૦ સભ્યોની વિધાનસભામાં આ ઠરાવ મુખ્યમંત્રી વી.ડી. સતીશને રજૂ કર્યો હતો, જ્યાં સત્તાધારી કોંગ્રેસ-આધારિત ગઠબંધન પાસે ૧૦૨ સભ્યોનું સંખ્યાબળ છે. ૩૫ સભ્યો ધરાવતા ડાબેરી પક્ષોએ પણ આ ઠરાવને સમર્થન આપ્યું હતું, જેના પરિણામે તે સર્વસંમતિથી પસાર થયો હતો. પ્રથમ વખત, કેરળ વિધાનસભાએ મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની માંગ કરતો ઠરાવ પસાર કર્યો છે.

તહેવારો ટાણે જ મોંઘવારીના રાક્ષસે ફાડયું મોં

છૂટક ફુગાવો વધીને ૫.૫૪ ટકા

સપ્ટેમ્બર મહિનામાં ખાદ્યચીજોના ભાવમાં ભડકો થતાં સામાન્ય જનતાને મોટો ઝટકો, ડુંગળીના ભાવમાં ૧૦૮ ટકાનો જંગી ઉછાળો



નવી દિલ્હી તા. ૧૨

દેશમાં તહેવારોની સિઝન શરૂ થાય તે પહેલાં જ સામાન્ય જનતાને મોંઘવારીના મોરચે મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે નવી દિલ્હી ખાતે જાહેર કરાયેલા આંકડા ચિંતા વધારનારા છે. સપ્ટેમ્બર મહિનામાં છૂટક મોંઘવારી દર ઝડપથી વધીને ૫.૫૪ ટકા પર પહોંચી ગયો છે. અગાઉ ઓગસ્ટ મહિનામાં આ દર ૪.૮૨ ટકા નોંધાયો હતો, એટલે કે માત્ર એક જ મહિનામાં તેમાં ૦.૭૨ ટકાનો વધારો થયો છે. ખાસ કરીને ખાવા-પીવાની ચીજવસ્તુઓના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે.

સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા કામચલાઉ આંકડા અનુસાર, સપ્ટેમ્બર મહિનામાં દેશનો સરેરાશ ખાદ્ય મોંઘવારી દર વધીને ૭.૭૪ ટકા પર પહોંચી ગયો છે. આ આંકડા સ્પષ્ટ દર્શાવે છે કે વધતા ભાવોએ સામાન્ય પરિવારોના માસિક બજેટને સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. ગ્રામીણ ભારતમાં કિંમતોનું દબાણ ઘણું વધારે નોંધાયું છે. સપ્ટેમ્બરમાં ગ્રામીણ વિસ્તારોમાં છૂટક મોંઘવારી ૬.૦૮ ટકા અને ખાદ્ય મોંઘવારી ૮.૦૬ ટકા રહી છે. જ્યારે તેની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં છૂટક મોંઘવારી ૪.૮૮ ટકા અને ખાદ્ય મોંઘવારી ૭.૧૮ ટકા નોંધાઈ હતી. મોંઘવારીનો આ વાર્ષિક દર કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ અને કન્ઝ્યુમર ફૂડ પ્રાઇસ ઇન્ડેક્સ પર આધારિત છે.

સપ્ટેમ્બર મહિનામાં મોંઘવારીનો સૌથી મોટો માર ડુંગળી પર પડ્યો છે. વાર્ષિક ધોરણે ડુંગળીના ભાવમાં ૧૦૮.૦૯ ટકાનો જંગી વધારો નોંધાયો છે, જે અગાઉ ઓગસ્ટમાં ૪૮.૭૮ ટકા હતો. આ ઉપરાંત ચાંદીના ઘરેણાં પર મોંઘવારી દર ૮૭.૮૦ ટકા રહ્યો છે. આદુના ભાવમાં ૬૨.૮૫ ટકા અને લીંબુના ભાવમાં ૩૬.૪૧ ટકાનો ઉછાળો આવ્યો છે, જ્યારે લસણનો મોંઘવારી દર અગાઉના મહિનાના ૪૩.૬૦ ટકાથી વધીને ૫૪.૬૨ ટકા થઈ ગયો છે. બીજી તરફ સામાન્ય ગ્રાહકો માટે કેટલીક ચીજોમાં રાહત જોવા મળી છે. વાર્ષિક ધોરણે બટાકાના ભાવમાં ૧૧.૫૦ ટકા અને ટામેટાંના ભાવમાં ૮.૬૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. સપ્ટેમ્બરમાં મોટર કાર, જીપ, ભીંડા અને નાળિયેરના ભાવમાં પણ મોંઘવારી દર નકારાત્મક રહ્યો છે. આ તમામ ડેટા દેશભરના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧,૪૦૭ શહેરી બજારો તેમજ ૧,૪૬૫ ગામડાઓમાંથી ઘી એન્ડ ૧૦૦ ટકા પ્રતિભાવ દર સાથે એકત્રિત કરવામાં આવ્યા છે.

કેન્સરની દવાઓ પર 30% માર્જિન

કેન્દ્રનો સુપ્રીમ કોર્ટમાં પ્રસ્તાવ : સુપ્રીમ કોર્ટે સમગ્ર ફાર્મા બજાર પર નિયંત્રણની જરૂરિયાત દર્શાવી



નવી દિલ્હી, તા.૧૨

કેન્સર જેવી ગંભીર બીમારીની સારવારમાં વપરાતી દવાઓના બેફામ ભાવવધારાથી પીડાતા દર્દીઓ અને તેમના પરિવારો માટે એક રાહતના સમાચાર છે. કેન્દ્ર સરકાર કેન્સરની દવાઓ પર ૩૦ ટકા ટ્રેડ માર્જિન કેપ (મર્યાદા) લગાવવાની તૈયારી કરી રહી છે. આ અંગે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. સુપ્રીમ કોર્ટે પણ દવાઓની કિંમતો અને તેની ઉપલબ્ધતા પર વ્યાપક નિયંત્રણ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ મહત્વપૂર્ણ કેસની આગામી સુનાવણી ૨૭ ઓક્ટોબરના રોજ હાથ ધરાશે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને સ્પષ્ટપણે જણાવ્યું છે કે દવાઓ પર લાગતા વધારે પડતા માર્કઅપ (નફા) ને રોકવા અને વ્યાજબી માર્જિન સુનિશ્ચિત કરવા માટે કેન્સરની દવાઓ પર ટ્રેડ માર્જિનને નિયંત્રિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર એવી કેન્સરની દવાઓની એક યાદી બહાર પાડશે, જેના પર આ ૩૦ ટકા ટ્રેડ માર્જિનની મર્યાદા લાગુ પડશે. બજારની વર્તમાન સ્થિતિ અને જાહેર આરોગ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ યાદી સમયાંતરે અપડેટ પણ કરવામાં આવશે. જેમાં જરૂરિયાત મુજબ નવી દવાઓ ઉમેરવામાં આવશે, જ્યારે સસ્તી દવાઓને આ મર્યાદામાંથી બાકાત રાખવામાં આવશે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે દવાઓની કિંમતોની વ્યાપક તપાસની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે આ નિયંત્રણની પ્રક્રિયા માત્ર કેન્સર વિરોધી દવાઓ પૂરતી જ મર્યાદિત ન રહેતા, સમગ્ર ફાર્માસ્યુટિકલ બજાર પર લાગુ થવી જોઈએ. કોર્ટે કેટલાક ચોંકાવનારા ઉદાહરણો ટાંકીને સવાલ ઉઠાવ્યો હતો કે વેચાણકર્તાઓ દ્વારા કેટલીક દવાઓની ખચ્છ (મહત્તમ છૂટક કિંમત) ૪૦૦ ગણી કિંમતે કેમ નક્કી કરવામાં આવી છે? કોર્ટે કેન્દ્ર સરકારને એમ પણ સૂચન કર્યું છે કે કેટલીક દવાઓ પર કેપ લગાવવા અને કેટલીક દવાઓને કેપ વિના છોડી દેવાના કારણો ગ્રાહકોના હિતમાં તાર્કિક અને યોગ્ય હોવા જોઈએ.

નોન-શિડ્યુલ્ડ દવાઓની પ્રારંભિક કિંમતોને નિયંત્રિત કરવા અને મેડિકલ ડિવાઈસ (તબીબી ઉપકરણો) ની કિંમતો પર મર્યાદા નક્કી કરવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે આગામી ૨૭ ઓક્ટોબરની તારીખ નક્કી કરી છે. આ મુદ્દે કેન્દ્ર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ માટે જે પણ પદ્ધતિ અપનાવવામાં આવે તે સંતુલિત હોવી જોઈએ. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે દવાઓના પ્રાઇસિંગ (કિંમત) અને અવેલેબિલિટી (ઉપલબ્ધતા) વચ્ચે યોગ્ય સંતુલન જળવાવું જોઈએ, જેથી બજારમાં દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરી શકાય. કેન્દ્ર સરકારે કોર્ટ સમક્ષ એવી ચેતવણી પણ આપી હતી કે બજારમાં વધુ પડતા હસ્તક્ષેપ કરવાથી નુકસાન થઈ શકે છે, દવાઓની ઉપલબ્ધતા ઘટી શકે છે અને વિતરણ વ્યવસ્થા મુશ્કેલ બની શકે છે.

ED-CBIના અધિકારીઓ અમારા સંપર્કમાં

રાહુલ ગાંધીના દાવાથી સરકારની ચિંતા વધી!



નવી દિલ્હી, તા.૧૨

ચૂંટણીમાં ગેરરીતિ અને 'વોટ ચોરી'ના આક્ષેપોને લઈને દિલ્હીમાં ભારે રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે. INDIA ગઠબંધનના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મોરચો માંડીને સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ શરૂ કરી દીધી છે. રાહુલ ગાંધી સહિત વિપક્ષી ગઠબંધનના ૮ જેટલા મોટા નેતાઓ જાતે સુપ્રીમ કોર્ટ પહોંચીને અરજી દાખલ કરવાની તૈયારીમાં છે. આ માર્ચ શરૂ કરતાં પહેલાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા.

રાજધાની દિલ્હીમાં કડક સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'દિલ્હીમાં ઘણા દિવસોથી વોટોની ચોરી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. સવાલ એ છે કે દિલ્હીને જેલમાં કેમ ફેરવી દેવામાં આવી છે? લોકોને શહેરમાં આવતા રોકવામાં આવી રહ્યા છે, ટ્રેનો અને બસોમાં અટકાવાઈ રહ્યા છે. બધે જ પોલીસ તહેનાત છે અને દિલ્હીને એક કિલ્લા જેવું બનાવી દેવાયું છે.'

પોલીસ તહેનાતી અંગે કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતાં લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે, 'અમે ઇચ્છીએ છીએ કે રસ્તાઓ પર ૨૦,૦૦૦થી ૩૦,૦૦૦ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવે. સરકાર બહુ મોટી ભૂલ કરી રહી છે, કારણ કે અમે આખા દેશને બતાવવા માંગીએ છીએ કે પીએમ મોદી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગે છે. તેમને જેટલી વધારે સુરક્ષા મળશે, અમે આખરે તેમના કંટ્રોલર સુધી એટલી જ સરળતાથી પહોંચી શકીશું. અમને એવા સમાચાર પણ મળી રહ્યા છે કે પોલીસકર્મીઓ પોતે હેરાન છે. કારણ કે તેમને યુવાનો પર લાઠીચાર્જ કરવાનો આદેશ અપાયો છે જ્યારે RSSના સભ્યોને છૂટો દોર આપવાના નિર્દેશો અપાયા છે.'

ચૂંટણી કમિશનરની ભૂમિકા સામે આકરા સવાલો કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આ બધું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે અમે એ જ સવાલ ઉઠાવી રહ્યા છીએ જે બે ચૂંટણી કમિશનરોએ પૂછ્યો હતો કે, જ્ઞાનેશ કુમાર રાજીનામું કેમ નથી આપી રહ્યા? જ્ઞાનેશ કુમાર, તમારી ઊંઘ ઊડી ગઈ છે, અમે તમને છોડીશું નહીં અમને તમારા ભૂતકાળ અને તમારા ભ્રષ્ટાચાર વિશે બધી જાણ છે, અને અમે યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છીએ.'

સીજેઆઈ સાથેના પત્રવ્યવહાર વિશે માહિતી આપતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'કોંગ્રેસ અધ્યક્ષ અને મેં મુખ્ય ન્યાયાધીશને પત્ર લખીને ભારતીય લોકશાહીની હત્યા અને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. સીજેઆઈ તરફથી અમને જવાબ મળ્યો અને અરજી દાખલ કરવાનો નિર્દેશ અપાયો છે. આજે INDIA ગઠબંધનના તમામ નેતાઓ અને હું સાથે મળીને સુપ્રીમ કોર્ટ જઈ રહ્યા છીએ અને આ અરજી દાખલ કરીશું.'

પોલીસ અને જનતાના સમર્થનનો દાવો કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, '૫૦ પોલીસકર્મીઓ અમને કહી રહ્યા છે કે અમે જે કરી રહ્યા છીએ તે સાચું છે અને અમારે આ લડત ચાલુ રાખવી જોઈએ. એક તરફ પોલીસ, ITBP, CRPF અને ભારતના સામાન્ય નાગરિકો છે,જ્યારે બીજી તરફ નરેન્દ્ર મોદી, અમિત શાહ, અજીત ડોભાલ, જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચના ૪-૫ સભ્યો છે જે વોટ ચોરી કરીને આખા દેશને હાઇજેક કરવામાં મદદ કરી રહ્યા છે. અમે આ બંને પક્ષો વચ્ચેનું અંતર સતત વધારી રહ્યા છીએ. કેન્દ્ર સરકારને સીધો પડકાર ફેંકતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હું નરેન્દ્ર મોદીને સ્પષ્ટ જણાવી દેવા માંગુ છું કે તમારી સરકારના લગભગ ૨૦૦ અધિકારીઓ અમારા સંપર્કમાં છે અને તેઓ અમને સતત અંદરની માહિતી આપી રહ્યા છે. આ અધિકારીઓમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), CBI અને વિદેશ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ પણ સામેલ છે.' રાહુલ ગાંધીએ એમ પણ ઉમેર્યું કે ચૂંટણીમાં ગેરરીતિઓ સામે વિપક્ષે છેડેલા અભિયાનને કારણે મુખ્ય ચૂંટણી કમિશનરની ઊંઘ ખરાબ થઈ ગઈ છે. પત્રકારોના પ્રશ્ન પર તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેમને ખુદ જ્ઞાનેશ કુમાર તરફથી સંદેશાઓ મળી રહ્યા છે.

PDUની પેથોલોજી ટેન્ડરમાં ઘાલમેલના આક્ષેપો

RTI કાર્યકરો સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલ દ્વારા આરોગ્ય મંત્રી સહિતના સત્તાધીશોને લેખિત રજૂઆત

રાજકોટ, તા.૧૨

રાજકોટના છઠ્ઠી કાર્યકરો સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલ દ્વારા ૭ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય (પી.ડી.યુ.) સિવિલ હોસ્પિટલના પેથોલોજી ટેન્ડરની અનિયમિતતાઓ અંગે એક વિસ્તૃત રજૂઆત આરટીઆઈ કાર્યકરો સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલે સંબંધિતોને કરી છે.

પીડીયું હોસ્પિટલના પેથોલોજી લેબ ટેન્ડરમાં થયેલી ગંભીર ગેરરીતિઓ અંગે ૨ જૂન ૨૦૨૬ ના રોજ અધિક નિયામક (આરોગ્ય સેવાઓ) ડો. જયેશ સચદે, ગાંધીનગર સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે ઔપચારિક ફરિયાદ રજૂ કરવામાં આવી હતી. આ ફરિયાદ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા, કમિશનર (આરોગ્ય), અગ્ર સચિવ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ), પી.ડી.યુ. હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ અને રાજકોટ જિલ્લા કલેક્ટરને પણ મોકલવામાં આવી હતી. આ ફરિયાદ સચિવાલયમાં વિધિવત રીતે સ્વીકારવામાં આવી હતી અને ૩૦ દિવસમાં કાર્યવાહીની અપેક્ષા હતી, પરંતુ આજે ચાર મહિના (૧૨૭ દિવસ) વીતી જવા છતાં છ કચેરીઓમાંથી કોઈનો પણ એક લીટીનો લેખિત જવાબ આવ્યો ન હોવાનો આ બંને કાર્યકરોએ આક્ષેપ કર્યો છે. સમગ્ર મામલે તંત્ર દ્વારા એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હોવાનું પી.ડી.યુ. હોસ્પિટલ મારફતે જાણવા મળ્યું છે, પરંતુ આ સમિતિના સભ્યો કોણ છે, તે કેટલી વાર બેઠી, અને તેનો રિપોર્ટ ક્યાં છે તે અંગે જનતા કે ફરિયાદીઓને કોઈ જ માહિતી આપવામાં આવી નથી. સૌથી આશ્ચર્યજનક અને ગંભીર બાબત એ છે કે જે ટેન્ડર ઉપર તંત્રે પોતે તપાસ સમિતિ બેસાડી છે, તે જ ટેન્ડર હેઠળ એક વર્ષનો મૂળ કરાર પૂરો થયા પછી પણ ફેરટેન્ડર વગર અને કોઈ જાહેર મુદત-વધારા આદેશ વગર સેવાઓ યથાવત ચાલુ રાખવામાં આવી છે.

આના પરિણામે ઊંચા ભાવવાળું બીડ પાસ થવાથી પી.ડી.યુ.ની ઓપીડી દર-યાદી ઊંચા દરો પર આધારિત છે અને હજારો ગરીબ દર્દી ઓએ દર મહિને પોતાના ખિસ્સામાંથી વધારાનો બોજ ચૂકવવો પડે છે. વધુમાં, ફરિયાદમાં એવો



પણ ઉલ્લેખ છે કે ચાર બીડરોમાંથી ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરી અને ડેલ્ટા ડાયગ્નોસ્ટિક લેબોરેટરી સ્વતંત્ર સ્પર્ધક ન હોવાનું જણાય છે, જે કોમ્પિટિશન એક્ટ ૨૦૦૨ ની કલમ ૩(૩) હેઠળ બીડ-રિગિંગ હોવાની શક્યતા દર્શાવે છે. વાસ્તવિક સ્પર્ધા માત્ર ત્રણ બીડરો વચ્ચે જ હતી અને એક બીડ નકારાતાં જી.એફ.આર.-૨૦૧૭ ની સ્પર્ધા જોગવાઈઓ વિરુદ્ધ અંતે માત્ર બે બીડરો ઉપર ટેન્ડર પૂરું કરવામાં આવ્યું હતું.

તંત્રની આવી નિષ્ક્રિયતા સામે કાર્યકરોએ ગાંધીનગર સમક્ષ અનેક ગંભીર સવાલો ઉઠાવ્યા છે કે તપાસ સમિતિ કયા આદેશથી રચાઈ, રિપોર્ટ કેમ જાહેર નથી કરાયો અને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ટેન્ડર સ્થગિત કેમ નથી રખાયું. સંજય લાખાણીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે સરકારે કાયદેસરની ફરિયાદનો જવાબ ચાર મહિનાના મૌનથી આપ્યો છે, જે દર્શાવે છે કે આ વિવાદિત ટેન્ડર ચાલુ રાખવાનો નિર્ણય છે અને તેની કિંમત ગરીબ દર્દીઓ ચૂકવી રહ્યા છે.

કૃષ્ણદત્ત રાવલના જણાવ્યા મુજબ, રિપોર્ટ કે જવાબ વિના માત્ર ટેન્ડર ચાલુ રાખવું એ તપાસ નહીં પણ સમય પસાર કરવાની રીત છે. આ બાબતને ધ્યાનમાં રાખીને, આગામી સમયમાં આરટીઆઈ કાર્યકરો દ્વારા ગુજરાત એન્ટિ-કરપ્શન બ્યુરો અને ગુજરાત વિજિલન્સ કમિશન સમક્ષ ઔપચારિક ફરિયાદો કરવામાં આવશે. આ ઉપરાંત, કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયા સમક્ષ બીડ-રિગિંગની માહિતી-અરજી તેમજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ તમામ છ કચેરીઓને કાર્યવાહી અને રિપોર્ટ અંગે અરજી કરવામાં આવશે.

મુખ્યમંત્રીના કાર્યાલય અને ગુજરાત લોકાયુક્ત સમક્ષ રજૂઆત કરવામાં આવશે અને જો સંતોષકારક કાર્યવાહી નહીં થાય તો ગુજરાત હાઈ કોર્ટમાં બંધારણની કલમ ૨૨૬ હેઠળ જાહેર હિતની અરજી પણ દાખલ કરવામાં આવશે. બંને કાર્યકરોએ રાજકોટના જાગૃત નાગરિકો, દર્દી-કલ્યાણ સંસ્થાઓ અને પી.ડી.યુ. હોસ્પિટલના દર્દીઓને આ સિસ્ટમ સામેની લડાઈમાં પોતાના અનુભવો સાથે આગળ આવવા અપીલ કરાઈ છે.

સાઇટ માલિકની કારની અડફેટે માસૂમનું મોત

ગેઇટ પાસે રમી રહેલા બે ભાઈ-બહેનને મહિન્દ્રા XUV ૭૦૦ ગાડીએ હડફેટે લેતા પુત્રનું મોત અને ૯ વર્ષની બાળકીને ઈજાઓ, પિતાની ફરિયાદ પરથી સાઇટ માલિક જય ત્રિવેદી સામે ગુનો દાખલ



રાજકોટ, તા.૧૨

રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ મથક વિસ્તારમાં આવેલી રેલનગર પ્રભાવ સાઇટ પર એક અત્યંત કરુણ બનાવ સામે આવ્યો છે. મૂળ મધ્યપ્રદેશના અને હાલ ભારત ગેસ ગોડાઉન પાસે, પ્રભાવ સાઇટ પર રહીને કડિયાકામ કરતા શ્રમિક વિક્રમભાઇ અભેસિંગભાઈ બિલવાલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓની નજર સામે જ તેમના ૫ વર્ષના માસૂમ પુત્ર યુવરાજનું કાર અકસ્માતમાં મોત નીપજ્યું છે. ગત ૧૨ ઓક્ટોબરના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૧:૩૦ ના અરસામાં વિક્રમભાઈ અને તેમના પત્ની સંગીતાબેન સાઇટ પર કામ કરી રહ્યા હતા. તે જ સમયે સાઇટના ગેઇટ પાસે તેમનો પુત્ર યુવરાજ (ઉ.વ. ૫) અને પુત્રી અસ્મિતા (ઉ.વ. ૯) બંને રમી રહ્યા હતા અને મોબાઈલ જોઈ રહ્યા હતા. તે દરમિયાન સાઇટના માલિક જયભાઈ નયનભાઈ ત્રિવેદી પોતાની મહિન્દ્રા ડ્રાઇટ ૭૦૦ (રજીસ્ટ્રેશન નંબર GJ-03-NP-6579) લઈને સાઇટની અંદર પ્રવેશી રહ્યા હતા.

ગેઇટમાંથી અંદર આવતી વખતે કાર ચાલક જય ત્રિવેદીએ ગફલતભરી રીતે કાર ચલાવી ગેઇટ પાસે રહેલા બંને બાળકો યુવરાજ અને અસ્મિતાને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં યુવરાજને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે બેભાન થઈ ગયો હતો તથા તેને પુષ્કળ લોહી વહી રહ્યું હતું. અસ્મિતાને પણ શરીરે છોલછાલ જેવી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયા બાદ જય ત્રિવેદીએ વિક્રમભાઈને બોલાવ્યા હતા અને ત્યારબાદ ઈજાગ્રસ્ત યુવરાજને તેઓ પોતાની જ કારમાં પહેલા સિનર્જી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં ફરજ પરના તબીબે માસૂમ યુવરાજને મૃત જાહેર કર્યો હતો.

પોતાની નજર સામે જ વ્હાલસોયા પુત્રનું મોત નિપજતા શ્રમિક પરિવારમાં ભારે કલ્પાંત છવાઈ ગયો હતો. આ બનાવ અંગે વિક્રમભાઈ બિલવાલે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં સાઇટ માલિક અને કાર ચાલક જયભાઈ ત્રિવેદી સામે ફરિયાદ નોંધાવી છે. પ્ર.નગર પોલીસે ભારતીય ન્યાય સહિતા (BNS) ની કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(ફ), ૧૨૫(બ) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ કાર ચાલક સામે ગુનો નોંધી, વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી કિરણ કાળૂભાઈ ચાવડાને સોંપી છે.

રાજકોટ સહિત જિલ્લા કલેક્ટરોને પાઠવાયું આવેદનપત્ર

સબ-રજિસ્ટ્રારના કર્મચારીઓ આંદોલનના માર્ગે

રાજકોટ, તા. ૧૨

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની દસ્તાવેજ નોંધણી (સબ-રજિસ્ટ્રાર) કચેરીઓના કર્મચારીઓ દ્વારા પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે આજથી વિરોધ પ્રદર્શન અને લડતના મંડાણ કરવામાં આવ્યા છે. 'ગુજરાત રાજ્ય રજીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ કર્મચારી મંડળ'ના નેજા હેઠળ યોજાયેલા આ કાર્યક્રમ મુજબ આજે બપોર બાદ રાજકોટ સહિત રાજ્યભરમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરીને કર્મચારીઓની વિવિધ ૧૩ મુખ્ય માંગણીઓ તાત્કાલિક પૂર્ણ કરવા રજૂઆત કરવામાં આવી હતી.



આવેદનપત્રમાં કર્મચારી મંડળ દ્વારા રજૂ કરાયેલી મુખ્ય માંગણીઓમાં ઓડિટ ફકરાના નામે કર્મચારીઓને આપવામાં આવતી ખોટી નોટિસો અને ચાર્જશીટ આપવાની પ્રક્રિયા તાત્કાલિક અસરથી બંધ કરવા માંગ કરાઈ છે.

આ ઉપરાંત મહેસૂલ વિભાગના નિયમ મુજબની યોગ્ય પ્રક્રિયા કે તપાસ કર્યા વગર સબ-રજિસ્ટ્રાર વિરુદ્ધ કરવામાં આવતી ખોટી અને સરાસર અન્યાયી FIR પર તાત્કાલિક રોક લગાવવા, સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ (વર્ગ-૩) ની કેડરને તાત્કાલિક ધોરણે મર્જ કરવા તથા દસ્તાવેજ નોંધણી માટે વપરાતા 'ગરવી ૨.૦' પોર્ટલમાં રહેલી ટેકનિકલ ખામીઓ અને વિસંગતતાઓને વહેલી તકે દૂર કરી તેને વ્યવહારુ બનાવવા રજૂઆત કરાઈ છે. ટાઈટલ અને આધારકાર્ડને લગતા પરસ્પર વિરોધાભાસી પરિપત્રોને રદ કરવા તેમજ કાયદાકીય ગૂંચવણો કે જટિલ બાબતોમાં વડી કચેરી દ્વારા "નરો વા કુંજરો વા" ની અસ્પષ્ટ નીતિ અપનાવવાને બદલે કર્મચારીઓને સ્પષ્ટ અને ચોક્કસ માર્ગદર્શન આપવાની માંગ પણ ઉઠાવવામાં આવી છે. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી વિનંતી બદલીની અરજીઓને ધ્યાને લઈ યોગ્ય ન્યાય આપવા, બિનજરૂરી રજિસ્ટ્રો રદ કરવા, દૈનિક ટોકન સ્લોટની મર્યાદા ઘટાડવા અને અનામી અરજીઓ કે ફરિયાદોના નામે થતી માનસિક કનડગત તેમજ હેરાનગતિ સદંતર બંધ કરવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજ્ય રજીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ કર્મચારી મંડળ દ્વારા અગાઉ જાહેર કરાયેલા આંદોલનાત્મક કાર્યક્રમ મુજબ આજે રાજ્યના તમામ જિલ્લા અને ઝોન કક્ષાએ કલેક્ટરશ્રીઓને આવેદનપત્ર આપીને વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જો સરકાર અને સંબંધિત વિભાગ દ્વારા કર્મચારીઓના આ વ્યાજબી અને પડતર પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ તીવ્ર બનાવવાની ચીમકી પણ કર્મચારી મંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

જૂગાર રસીકો ગમે ત્યારે પત્તા ટીચવા બેસી જાય

ભગતવીપરામાં જાહેરમાં પત્તા ટીચવા બેઠેલા ચાર પકડાયા



રાજકોટ તા. ૧૨

જૂગાર રસીકો ગમે ત્યારે ગમે ત્યાં પત્તા ટીચવા બેસી જાય છે અને પોલીસ પણ ગમે ત્યારે ત્રાટકી જાય છે. વધુ એક દરોડામાં ચાર પકડાયા હતાં. ભગવતીપરામાં ઝુમ-ઝમ બેકરી સામે જાહેરમાં જુગાર રમતા ચાર પત્તા પ્રેમીને બી-ડીવીઝન પોલીસે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. બી-ડીવીઝન પોલીસના પી.આઇ.જી. આર.ચૌહાણની રાહબારીમાં હેડ કોન્સ. એમ.ડી. કછોટા નરેશભાઇ ચાવડા, કોન્સ. જગમાલભાઇ જાદવ સહિતના સ્ટાફે ભગવતી પરામાં ઝમઝમ બેકરી સામે શેરીમાં બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. અહિ જાહેરમાં જુગાર રમતા સમીર હારૂનભાઇ રાઠોડ રહે નંદનવન સોસાયટી, ભગવતીપરા મેઇન રોડ, નીખીલ રાજુભાઇ ગોસ્વામી (ધરમનગર, ભગવતીપરા) રીયાઝ અસલમભાઇ કાફી (ચામુંડા પાન વાળી શેરી, ભગવતીપરા) અને સાહીલ ફારૂકભાઇ દરજાદા (૨૫ વારીયા, બોરીચા વાડી પાસે, ભગવતીપરા)ને ઝડપી લઇ રૂ. ૭૨૦૦ની રોકડ કબ્જે કરી

કલા મહાકુંભમાં સોલો ગીત સ્પર્ધામાં સૃષ્ટિ જોશીએ મેળવ્યો પહેલો નંબર

બ્રહ્મસમાજ, શાળા અને પરિવારનું સૃષ્ટિએ વધાર્યું ગૌરવ

રાજકોટ, તા.૧૨

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી રાજકોટ દ્વારા તાજેતરમાં હેમુ ગઢવી હોલમાં રાજકોટ કલા મહાકુંભ યોજાયો હતો.

જેમાં સોલો ગીત સ્પર્દ્ધામાં પંચશીલ સ્કુલમાં ધો.૧૦માં અભ્યાસ કરતી, પત્રકાર કશ્યપ જયસુખલાલ જોશીની સુપુત્રી, સૃષ્ટિ જોશીએ પ્રથમ નંબર પ્રાપ્ત કરતા, જોશી પરિવાર, શાળા અને રાજકોટ બ્રહ્મસમાજનું ગૌરવ વધ્યું છે.. પોતાની કુનેહથી સોલોમાં નંબર મેળવનાર સૃષ્ટિને શાળાના આચાર્ય અને વર્ગ શિક્ષક અને સહાધ્યાયી વિદ્યાર્થીની બહેનો દ્વારા અભિનંદન પાઠવ્યા છે.



કોઠારિયા રોડ પર થયેલો કૌટુંબિક ઝઘડો પોલીસમાં પહોંચ્યો

સાળાના પરિવારે બનેવી પર કર્યો હુમલો : ૬ સામે ગુનો

લાકડીઓ, પથ્થરો અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી, સાળો, તેની પત્ની અને ચાર સંતાનો સામે આજીડેમ પોલીસ મથકમાં ગુનો દાખલ



રાજકોટ, તા.૧૨

કોઠારિયા રોડ પર આવેલા સાંઈબાબા સર્કલ પાસે કૌટુંબિક ઝઘડામાં ગંભીર મારામારીનો બનાવ બન્યો છે. ગુલાબનગર શેરી નં. ૨૪ માં ભનાભાઈ ભરવાડના મકાનમાં ભાડે થી રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના વતની રામકિશન શ્રીપાલ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, રામકિશન કુશવાહા (ઉ.વ. ૩૫) એ પોતાના જ સાળા રામલખન અને તેના પરિવાર સામે હુમલો કરી માર માર્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત ૧૧ ઓક્ટોબરના રોજ સાંજે સવા સાતેક વાગ્યે રામકિશનની પત્ની પૂનમ કારખાનેથી કામ કરીને ઘરે પરત ફરી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો.

આ મારામારીનું મુખ્ય કારણ રામકિશનના સાળા રામલખનની દીકરી અનામીકા હતી. અનામીકા રામકિશનની પત્ની પૂનમ સાથે એક જ કારખાનામાં મજૂરી કામ કરતી હતી. ત્યાં તે કોઈ છોકરા સાથે વાતચીત કરતી હોવાથી પૂનમે તેને અવારનવાર ઠપકો આપ્યો હતો અને આ બાબતે અનામીકાના માતા-પિતા (રામલખન અને સુધા) ને પણ જાણ કરી હતી. બનાવના દિવસે પણ પૂનમે અનામીકાને ઠપકો આપ્યો હતો, જેનો ખાર રાખીને રામલખન, તેની પત્ની સુધા, બે દીકરાઓ (સુરજ અને અંકિત) અને બે દીકરીઓ (અનામીકા અને ખુશ્બુ) એકસંપ થઈને રામકિશનના ઘરે ધસી આવ્યા હતા.

રામલખનના પરિવારે ઘરે આવીને ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. રામલખન અને તેના બંને દીકરાઓ હાથમાં લાકડીઓ લઈને આવ્યા હતા અને પૂનમને માર મારવા લાગ્યા હતા. રામકિશન તેમને બચાવવા વચ્ચે પડતા તેને પણ લાકડીઓથી ફટકાર્યો હતો. આ સમયે રામકિશનના સાઢુભાઈ સુખવીર અને તેમની પત્ની આરતી છોડાવવા આવતા તેમને પણ લાકડીઓ, ઢીકાપાટુ અને પથ્થરોથી ઢોર માર મારવામાં આવ્યો હતો. હુમલાખોર સુરજએ રામકિશનને ધમકી આપી હતી કે "હવેથી મારી બહેન વિશે કશું બોલતા નહીં, બાકી તમને બધાને મારી નાખીશ". આજુબાજુના લોકો ભેગા થઈ જતા હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા.

આ ગંભીર હુમલામાં રામકિશન અને આરતીને માથાના ભાગે ટાંકા આવ્યા હતા, જ્યારે સુખવીરને ડાબા હાથનું કાંડું ભાંગી ગયું હતું. પૂનમને પણ હાથ અને કપાળ પર ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. રામકિશન કુશવાહાની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે રામલખન, તેની પત્ની સુધા, બંને દીકરાઓ અને બંને દીકરીઓ મળી કુલ ૬ લોકો સામે ગુનો નોંધ્યો છે. વધુ તપાસ એ.એસ.આઈ. હેમદીપ મારવણીયાને સોંપી છે.

તંત્રની ઉદાસીનતાઃ ગ્રાન્ટ મંજૂર, છતાં કન્વેન્શન સેન્ટર કાગળ પર!

કન્વેન્શન સેન્ટરનું નિર્માણ ક્યારે?

યુદ્ધના ધોરણે પ્રક્રિયા હાથ ધરવા ઉદ્યોગ જગતની માગઃ ૫-૫ વખત પ્રયાસો અને ૧૦ કરોડની ગ્રાન્ટ છતાં પ્રોજેક્ટ 'અધરતાલ'

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પ્રોજેક્ટ માટે અગાઉ પાંચ વખત પ્રયાસો કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, કેન્દ્ર સરકારે તે સમયે પ્રોજેક્ટ માટે રૂ. ૧૦ કરોડ જેવી માતબર રકમ ફાળવી પણ દીધી હતી. આમ છતાં, કોઈ યોગ્ય એજન્સી ન મળવાના કે વહીવટી અડચણોના બહાના હેઠળ આ પ્રોજેક્ટને વર્ષોથી લટકાવવામાં આવ્યો છે. પરિણામે, ફાળવાયેલી ગ્રાન્ટ અને મંજૂરી હોવા છતાં કામગીરી તદ્દન અધ્ધરતાલ છે, જે તંત્રની કામગીરી સામે મોટા સવાલો ખડા કરે છે.

રાજકોટ એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે દેશ-વિદેશમાં જાણીતું છે. અહીંના ઉદ્યોગો અને વેપારીઓને પોતાના ઉત્પાદનોના પ્રદર્શન માટે, આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ યોજવા માટે અને વૈશ્વિક ખરીદદારોને આકર્ષવા માટે એક અત્યાધુનિક કન્વેન્શન સેન્ટરની અત્યંત આવશ્યકતા છે. જો આ સેન્ટર નિર્માણ પામે, તો સૌરાષ્ટ્ર-કચ્છના સમગ્ર ઉદ્યોગ જગતને એક મોટું વૈશ્વિક પ્લેટફોર્મ મળી શકે તેમ છે અને આર્થિક ગતિવિધિઓને વેગ મળી શકે છે. પરંતુ, તંત્ર તરફથી માત્ર કાગળ પર જ આયોજન થતું હોવાને કારણે ઉદ્યોગકારોની આશાઓ પર પાણી ફરી વળ્યું છે.

સમયસર પ્રક્રિયા હાથ ન ધરાવાના કારણે વેપાર-ઉદ્યોગ જગતને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને હવે વિવિધ ઔદ્યોગિક સંગઠનો મેદાને આવ્યા છે. આ સંગઠનો દ્વારા તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છે કે વહીવટી પ્રક્રિયા હવે યુદ્ધના ધોરણે આગળ વધારવામાં આવે અને લટકતી તલવાર સમાન આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવામાં આવે. ઉદ્યોગકારોનું સ્પષ્ટ કહેવું છે કે જો સમયસર નિર્ણયો નહીં લેવાય તો રાજકોટનો ઔદ્યોગિક વિકાસ રૂંધાઈ જશે. હવે જોવાનું એ રહે છે કે, ઔદ્યોગિક સંગઠનોની આક્રમક રજૂઆતો બાદ તંત્ર નિદ્રામાંથી જાગીને કાગળની વાતો છોડીને જમીન પર કન્વેન્શન સેન્ટરનું નિર્માણ વહેલી તકે શરૂ કરાવશે કે કેમ?

આ પ્રોજેક્ટ માટે મનપાએ અગાઉ પાંચ વખત પ્રયાસો કર્યા હતા અને કેન્દ્ર સરકારે તે સમયે રૂ.૧૦ કરોડ ફાળવી પણ દીધા હતા. જોકે, કોઈ યોગ્ય એજન્સી ન મળતા પ્રોજેક્ટ વિલંબમાં પડ્યો હતો. હવે મનપાએ ફરીથી 'ટ્રાન્ઝેક્શન એડવાઈઝર'ની નિમણૂક માટે ટેન્ડર બહાર પાડ્યા છે. આ એડવાઈઝર પ્રોજેક્ટની ફિઝિબિલિટી તપાસશે, નાણાકીય એનાલિસિસ કરશે અને ટેક્નિકલ રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલશે. સ્થાનિક રોજગારી-અર્થતંત્રને બૂસ્ટ મળશે આ સેન્ટર કાર્યરત થવાથી સૌરાષ્ટ્રના એન્જિનિયરિંગ, ફોર્જિંગ



અને ટેક્સટાઈલ ઉદ્યોગને નવું બળ મળશે. સ્થાનિક વેપારીઓ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન આંતરરાષ્ટ્રીય ખરીદદારો સામે કરી શકશે, જેનાથી રોજગારીની નવી તકો ઊભી થશે અને સ્માર્ટ સિટી વિસ્તારમાં રિઅલ એસ્ટેટ માર્કેટને પણ મોટો ફાયદો થશે. કન્વેન્શનલ હોલનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા જ રાજકોટ થતા સૌરાષ્ટ્ર કચ્છની અર્થવ્યવસ્થાને પણ ખૂબ મોટો ફાયદો મળશે તેવું સૂત્રો કહી રહ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છમાં ખૂબ મોટા વેપારીઓ અને મોટા ઉદ્યોગો પણ આવેલા છે ત્યારે કન્વેન્શનલ હોલ બનતા ની સાથે જ જે ગાંધીનગર સુધીનો ધક્કો થતો હતો તે નહીં થાય અને સૌરાષ્ટ્રની તથા કચ્છ વિસ્તારની અર્થવ્યવસ્થાને પણ ખૂબ મોટો ફાયદો પહોંચશે. મહાનગરપાલિકા પણ આ અંગે શું પગલાં લઈ રહી છે તે માટે પણ હાલ કોઈ નક્કર આયોજન જણાતું નથી માત્ર કાગળો ઉપર જ આયોજન થઈ રહ્યા હોવાનું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે.

ઉદ્યોગ જગતની ચિંતાઓ–ઔદ્યોગિક સંગઠનોની રજૂઆત

વહીવટી પ્રક્રિયા ઝડપથી આગળ વધે અને કન્વેન્શન સેન્ટરનું નિર્માણ વહેલી તકે થાય તે માટે વિવિધ ઔદ્યોગિક સંગઠનોએ ઉગ્ર રજૂઆતો કરી છે.સમયસર આયોજન અને અમલીકરણ ન થવાને કારણે રાજકોટ અને સૌરાષ્ટ્ર–કચ્છના ઉદ્યોગ જગતે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. સરકારે ગ્રાન્ટ ફાળવી હોવા છતાં જમીની સ્તરે કામગીરી આગળ ન વધતા સમગ્ર આયોજન માત્ર કાગળ પર જ સીમિત રહ્યું છે.

પ્રોજેક્ટ પૂર્ણ થવાથી સૌરાષ્ટ્ર–કચ્છને મળનારા લાભો

આધુનિક કન્વેન્શન સેન્ટર બનવાથી સૌરાષ્ટ્ર અને કચ્છના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગોને નવો વેગ મળશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના સેમિનારો, ટ્રેડ ફેયર અને બિઝનેસ સમિટનું આયોજન રાજકોટમાં જ સરળતાથી થઈ શકશે. પ્રોજેક્ટ સાકાર થવાથી સ્થાનિક સ્તરે વ્યાપારી પ્રવૃત્તિઓ વધશે અને નવા રોજગારીના અવસરોનું સર્જન થશે.

નવા રીંગરોડ જગ્યા નક્કી તો કામગીરીમાં મોડું કેમ?

રાજકોટમાં માળખાગત સુવિધાઓના અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે ભૂતકાળમાં ઔદ્યોગિક એકમો દ્વારા વિવિધ એક્ઝિબિશનો જે કરવામાં આવતા હોય તેના માટે યોગ્ય જગ્યા સરકાર ફાળવે તે માટેની મથામણ કરવામાં આવી હતી ત્યારે સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણી કે જેવો ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે તેઓએ રાજકોટને કન્વેન્શનલ હોલની ભેટ આપી હતી. જે વાતને ખાસો સમય થઈ ગયા બાદ અંતે સરકાર દ્વારા હોલ બનાવવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે સાથોસાથ નવા રેસકોસ પાસે જગ્યા પણ નક્કી કરવામાં આવેલી છે. અને આ કન્વેન્શનલ હોલ પીપીપી ધોરણે યોજાશે તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું. હાલ આ કર્વેસનલ હોલ બનાવવા માટે એક થી બે વખત ટેન્ડર પણ કરવામાં આવ્યા હતા પરંતુ કોઈ પાર્ટી તેમાં આવી ન હતી ત્યારે ફરી વખત તંત્ર કન્પીશનલ હોલ બનાવવા માટેનું ટેન્ડર પ્રસિદ્ધ કરશે તેવું જાણકાર વર્તુળો કહી રહ્યા છે.

આરોગ્ય સાથે ચેડાં

અખાદ્ય ૧૫૦૦ કિલો ચિકનનો જથ્થો ઝડપાયો

૩ લાખનો મુદ્દામાલનો નાશ : મોચીબજાર - હુતાશન વિસ્તારની બે પેઢીઓમાં દરોડાઃ અનહાઇજીનિક કંડિશન, લેબલિંગ અને રજિસ્ટર વગર સંગ્રહાયેલો માંસનો મોટો જથ્થો પકડી પાડતી ટીમ

રાજકોટ, તા. ૧૨

શહેરીજનોના આરોગ્ય અને સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટના ચબુતરા શેરી, હુતાશન અને મોચીબજાર વિસ્તારમાં કરવામાં આવેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન અત્યંત અસ્વાસ્થ્યપ્રદ અને અસ્વચ્છ સ્થિતિમાં સંગ્રહિત કરાયેલો અંદાજે ૧૫૦૦ કિલોગ્રામ ચિકનનો મોટો જથ્થો ઝડપી પાડી તેનો સ્થળ પર જ તાત્કાલિક ધોરણે નાશ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા જમ કરીને નષ્ટ કરવામાં આવેલા આ સમગ્ર ચિકનના જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૩,૦૦,૦૦૦ હોવાનું સામે આવ્યું છે.

તપાસની વિગતો મુજબ, મોચીબજાર વિસ્તારમાં આવેલી 'એસ. મીરા ચિકન' નામની પેઢીમાંથી અસ્વાસ્થ્યપ્રદ સ્થિતિમાં રાખવામાં આવેલો ૧૧૦૦ કિલો ચિકનનો



જથ્થો મળી આવ્યો હતો. જ્યારે તેની નજીકમાં જ આવેલી 'અલી ચિકન' નામની બીજી પેઢીમાંથી નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરીને સંગ્રહાયેલો ૪૦૦ કિલો ચિકનનો જથ્થો જમ કરવામાં આવ્યો હતો. આમ, બંને પેઢીઓમાંથી મળીને એકત્ર થયેલા કુલ ૧૫૦૦ કિલો ચિકનના જથ્થાને નાશ કરવાની ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી.

આ દરોડા દરમિયાન વેપારીઓ દ્વારા કરવામાં આવતી ગંભીર બેદરકારીઓ અને નિયમભંગ પણ સપાટી પર આવ્યા છે. કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલા આ ચિકન પર કોઈ પણ પ્રકારનું ઉત્પાદન કે એક્સપાયરી સંબંધિત લેબલિંગ કરવામાં આવ્યું નહોતું. આ ઉપરાંત, સ્ટોરેજ અત્યંત અસ્વાસ્થ્યપ્રદ કંડિશનમાં કરવામાં આવી રહ્યું હતું અને ચિકનના સ્ટોરેજ કે વેચાણ અંગેનું કોઈ જ રજિસ્ટર કે હિસાબી નોંધ પણ રાખવામાં આવતી નહોતી. જાહેર આરોગ્ય સાથે રમત રમતી આવી પ્રવૃત્તિઓ સામે આવતાં જ તંત્ર દ્વારા આ આકરાં પગલાં લેવામાં આવ્યા છે અને આગામી દિવસોમાં પણ આવી ઝુંબેશ ચાલુ રાખવાની ચીમકી આપવામાં આવી છે.

CBDC સર્વર ઠપ થતાં સસ્તા અનાજના વેપારીઓ મુશ્કેલીમાં

જિલ્લા પુરવઠા અધિકારીને કરાઈ ઉગ્ર રજૂઆત : નવી ટેક્નોલોજી અને સોફ્ટવેરની ટેકનિકલ ખામીઓએ ફેર પ્રાઇસ શોપ ધારકો અને રાશનકાર્ડ ધારકો વચ્ચે કરાવ્યું ઘર્ષણ; જૂની 'ફિંગરપ્રિન્ટ સિસ્ટમ' પુનઃ શરૂ કરવા માંગ



રાજકોટ, તા. ૧૨

રાજકોટ જિલ્લામાં વ્યાજબી ભાવની સસ્તા અનાજનો જથ્થો આપતી દુકાનોના સંચાલકો હાલ ભારે મુશ્કેલી અને ભીંસમાં મુકાયા છે. સરકાર દ્વારા પુરવઠા વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને આધુનિકીકરણ લાવવાના ભાગરૂપે CBDC સિસ્ટમ અને નવું સોફ્ટવેર અમલમાં મૂકવામાં આવ્યું છે, પરંતુ આ ટેક્નોલોજીના ધાંધિયા અને સર્વરની સતત ખોરવાતી સ્થિતિએ ગ્રાહકો અને વેપારીઓ બંને માટે મોટી પરેશાની ઊભી કરી દીધી છે. જિલ્લાની અંદાજે ૭૦૦થી પણ વધુ સસ્તા અનાજની દુકાનોમાં રોજિંદા ધોરણે અનાજ લેવા આવતા લાખો રાશનકાર્ડ ધારકો અને દુકાનદારો વચ્ચે માથાકૂટ અને ઉગ્ર ઘર્ષણના બનાવો બની રહ્યા છે.

નવી સિસ્ટમ ચાલુ થયા બાદ CBDCનું સર્વર વારંવાર ડાઉન થઈ જવું કે અટકી જવું સામાન્ય બની ગયું છે. સર્વર ચાલતું ન હોવાના કારણે દુકાનદારો ઇચ્છવા છતાં પણ ગ્રાહકોને પૂરતો કે સમયસર અનાજનો જથ્થો ફાળવી શકતા નથી. વળી, મોટો વર્ગ એવો છે કે જેને આ નવી એપ્લિકેશન કે સોફ્ટવેરની ટેકનિકલ પ્રક્રિયા વિશે કોઈ પૂરતી જાણકારી કે તાલીમ જ નથી. પરિણામે, કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા પછી પણ અનાજ ન મળતાં ગ્રાહકોનો ગુસ્સો દુકાનદારો પર ઉતરે છે અને રોજબરોજ ઘર્ષણ થવાની ઘટનાઓ સામે આવી રહી છે.

આ વિકટ સ્થિતિમાંથી માર્ગ કાઢવા અને વેપારીઓની સુરક્ષા તેમજ ગ્રાહકોની સુવિધા માટે 'સસ્તા અનાજ એસોસિએશન'ના હોદ્દેદારો અને વેપારીઓ એકઠા થઈને રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી ખાતે પહોંચ્યા હતા. તેમણે પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરી હતી કે જ્યાં સુધી સોફ્ટવેર અને સર્વરની તમામ ટેકનીકલ ખામીઓ સંપૂર્ણપણે દૂર ન થાય, ત્યાં સુધી CBDC મારફતે અનાજ વિતરણ કરવાની આ પ્રક્રિયાને તાત્કાલિક ધોરણે મોકૂફ રાખવામાં આવે. આ સાથે જ તેમણે માંગ કરી હતી કે અગાઉ જે રીતે બાયોમેટ્રિક એટલે કે 'ફિંગર પ્રિન્ટ'ના આધારે સરળતાથી રાશન આપવામાં આવતું હતું, તે જૂની પદ્ધતિ પુનઃ શરૂ કરવામાં આવે જેથી ગ્રાહકોને પણ હાલાકી ન ભોગવવી પડે અને વેપારીઓ પણ શાંતિથી પોતાની કામગીરી કરી શકે.

એસોસિયેશનની મુખ્ય માંગણીઓ

૧. જૂની પદ્ધતિ ચાલુ કરો : જ્યાં સુધી નવું સોફ્ટવેર અને ઈઈઉઈ સિસ્ટમ સંપૂર્ણપણે ક્ષતિરહિત ન થાય, ત્યાં સુધી અગાઉની જેમ જ 'ફિંગર પ્રિન્ટ'ના આધારે રાશન વિતરણ કરવાની મંજૂરી આપવામાં આવે.

૨. CBDC કામગીરી મોકૂફ રાખો : સર્વરની ટેકનિકલ ખામીઓ પૂર્ણપણે દૂર ન થાય ત્યાં સુધી ઈઈઉઈ મારફતે થતી અનાજ વિતરણની પ્રક્રિયાને તાત્કાલિક ધોરણે મોકૂફ રાખવામાં આવે.

૩. ગ્રાહક જાગૃતિ અને સરળતા : સિસ્ટમ લાગુ કરતાં પહેલાં કાર્ડધારકોને યોગ્ય માહિતી પૂરી પાડવામાં આવે જેથી દુકાનદારો પર બિનજરૂરી દબાણ કે ઘર્ષણ ઊભું ન થાય.

મહાપાલિકાની બેધારી નીતિ પર સવાલ : પ્રજાની મિલકતો સીલ કરવા ધમધમાટ

સરકારી કચેરીઓ સામે ૧૦૦ કરોડ વસૂલવામાં 'સાહેબો' લાચાર!

૧૦ સરકારી કચેરીઓમાં ફસાયા ૧૦૦.૬૭ કરોડ, એકલા વ્યાજનો જ આંકડો ૪૮ કરોડે પહોંચ્યો

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ શહેરમાં મિલકતવેરા અને પાણીવેરાની વસૂલાત માટે વ્યાજમાફી યોજના ચાલી રહી છે. મનપા તંત્ર દ્વારા એવા કડક સંકેતો આપવામાં આવ્યા છે કે આ યોજના પૂર્ણ થયા બાદ સમયસર વેરો ન ભરનાર નાના અને સામાન્ય બાકીદારો સામે કાયદાનો ધોકો પછાડીને મિલકતો સીલ કરવા સુધીની આકરી કાર્યવાહી કરવામાં આવશે. સામાન્ય નાગરિકો માટે તંત્રનું આ વલણ અત્યંત આક્રમક છે, પરંતુ બીજી બાજુ જ્યારે સરકારી કચેરીઓ અને સંસ્થાઓની વાત આવે છે, ત્યારે આ જ તંત્ર લાચાર બની જતું હોય તેવો ઘાટ સર્જાયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કચેરીઓનો આશરે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનો માતબર વેરો બાકી હોવા છતાં વસૂલાતના મોરચે મનપા વામણી સાબિત થઈ રહી છે.

હાલ મનપા દ્વારા જે વ્યાજમાફી યોજના અમલમાં છે તેમાં આ સરકારી કચેરીઓને પણ સમ્પ કનેક્શનના યુનિટ દીઠ ૫,૦૮૮ રૂપિયા સુધીની વ્યાજ માફીનો લાભ મળી શકે તેમ છે. વાસ્તવિક સ્થિતિ એ છે કે આ સરકારી સંસ્થાઓ પાસેથી અંદાજે ૪૮ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ માત્ર વ્યાજ પેટે જ લેવાની થાય છે. નાણાકીય વર્ષ પૂર્ણ થવામાં હવે ગણતરીના જ મહિનાઓ બાકી રહ્યા છે અને વ્યાજમાફી જેવી રાહતો પણ ઉપલબ્ધ છે, છતાં સરકારી મિલકતોનો આ લાખો-કરોડો રૂપિયાનો બાકી વેરો વસૂલ કરવામાં મનપા તંત્રને હજુ સુધી કોઈ ખાસ સફળતા મળી શકી નથી. સામાન્ય નાગરિક સમયસર વેરો ન ભરે તો તેના નળ કનેક્શન કાપી નાખવામાં કે મિલકત સીલ કરવામાં જરાય વિલંબ ન કરતું તંત્ર સરકારી બાબુઓ સામે આવતાં જ કેમ સંકોચ અનુભવે છે, તે મોટો પ્રશ્ન છે.

આટલી મોટી રકમ બાકી હોવા છતાં વસૂલાત કેમ નથી થતી તે અંગે વેરા વિભાગના મેનેજરનો બચાવ તદ્દન અલગ જ કહાની કહે છે. તેમના જણાવ્યા મુજબ, આ સરકારી મિલકતોમાં પ્રજાના હિતના કામો થતા હોય છે અને સતત લોકોની અવરજવર રહેતી હોય છે, જેને કારણે તેને સીલ કરવાનું કે કડક પગલાં લેવાનું શક્ય બનતું નથી. એક તરફ પ્રજાકીય કામોનો તર્ક આપીને સરકારી સંસ્થાઓને છાવરવામાં આવે છે, તો બીજી તરફ વેરો વસૂલવા માટે મ્યુનિસિપલ કમિશનર અને



ડેપ્યુટી કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માત્ર પત્રવ્યવહાર જેવા સામાન્ય અને ઔપચારિક પ્રયાસો જ કરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા ભલે એવો દાવો કરવામાં આવતો હોય કે માર્ચ મહિના સુધીમાં મોટાભાગનો વેરો વસૂલાઈ જશે, પરંતુ અત્યાર સુધીની નબળી કામગીરી જોતા આ દાવાઓ સામે પણ શંકાના વાદળો ઘેરાયેલા છે. પ્રજા પર સખ્તાઈ અને સરકારી વિભાગો સામે નરમાઈની આ નીતિ રાજકોટ મહાનગરપાલિકાની વહીવટી કુશળતા સામે સીધા સવાલો ઊભા કરી રહી છે.

૧૦૦ કરોડથી વધુનો આંકડો અને સરકારી કચેરીઓની યાદી

પ્રાપ્ત સત્તાવાર વિગતો અનુસાર, કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૦ મુખ્ય કચેરીઓ અને સંસ્થાઓ પાસેથી કુલ રૂ. ૧૦૦,૬૭,૭૮,૨૪૬ (અંદાજે ૧૦૦.૬૭ કરોડ રૂપિયા) ની જંગી રકમ વેરા પેટે વસૂલવાની બાકી છે. આ કુલ રકમમાં રૂ. ૮૦,૭૨,૩૩,૦૮૬ મિલકતવેરો અને રૂ. ૧૯,૯૫,૪૫,૧૬૦ પાણીવેરાનો સમાવેશ થાય છે. આ સરકારી સંસ્થાઓની યાદી અને તેમની પર બાકી નીકળતી રકમ પર નજર કરીએ તો ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે

૧. સૌ.યુનિવર્સિટીઃ રૂ. ૩૪,૨૭,૦૫,૭૨૫

૨. સમરસ હોસ્ટેલઃ રૂ. ૧૭,૯૫,૫૦,૪૨૬

૩. સીટી પોલીસઃ રૂ. ૧૩,૮૮,૪૫,૮૦૬

૪. કલેક્ટર કચેરીઃ રૂ. ૧૧,૭૦,૩૩,૪૧૨

૫. રેલવેઃ રૂ. ૧૦,૮૭,૮૫,૧૭૭

૬. પીડબલ્યુડી : રૂ. ૬,૬૮,૮૭,૯૦૭

૭. સેન્ટ્રલ જેલઃ રૂ. ૨,૩૩,૮૮,૨૬૭

૮. ગુજરાત એસ.ટી. : રૂ. ૧,૨૮,૧૮,૨૦૯

૯. કે.વી.એસ. : રૂ. ૧,૦૬,૭૦,૭૪૩

૧૦. કોર્ટઃ રૂ. ૬૦,૯૨,૫૭૪

અકસ્માતો સતત, પણ..

ગુજરાતમાં માર્ગો પર જિંદગીઓ ફિંડલા વળે છે, પણ કોઈને કંઈ પડી નથી!



તાજેતરમાં પ્રકાશિત અહેવાલો મુજબ ગુજરાતના રસ્તાઓ જાણે કાળ બની રહ્યા હોય તેમ દરરોજ ૨૧થી વધુ લોકો માર્ગ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવે છે. રાજ્યમાં દરરોજ સરેરાશ ૪૮થી વધુ નાના-મોટા અકસ્માતો નોંધાય છે. વર્ષ ૨૦૨૫માં ૧૯,૨૪૨ અકસ્માતોમાં ૮,૪૦૨ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૦૨૬ના માત્ર સાત મહિનામાં જ ૧૬,૧૧૨ અકસ્માતોમાં ૭,૪૬૩ લોકો હોમાઈ ચૂક્યા છે. આ ચોંકાવનારા આંકડાઓ પાછળ ૯૫% થી વધુ કારણ બેફામ સ્પીડ, દારૂ પીને વાહન ચલાવવું અને વાહનચાલકોની ગંભીર બેદરકારી છે. મહાનગરોમાં પણ હાઈવે અને રીંગ રોડ જેવા રસ્તાઓ અકસ્માત ઝોન બની ગયા છે.

આ પરિસ્થિતિ તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને નાગરિકોની બેદરકારીની વરવી વાસ્તવિકતા છતી કરે છે. દર વખતે કોઈ મોટો અકસ્માત કે દેકારો થાય ત્યારે તંત્ર હેલ્મેટ કે માસ્ક જેવાં ગતકડાં શરૂ કરીને પ્રજાને હેરાન કરે છે, પરંતુ મુખ્ય સમસ્યા જેવા કે બેફામ સ્પીડ, લાઈસન્સ આપવાની પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર અને દારૂના નશામાં વાહન ચલાવનારાઓ સામે કડક પગલાં લેવામાં તંત્ર સાવ ચુપ રહે છે. રસ્તા પરની ખરાબ ડિઝાઈન અને ટ્રાફિક નિયમોના નબળા અમલીકરણને કારણે સામાન્ય નાગરિકો નિર્દોષપણે પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.

આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવા માટે તાત્કાલિક અને કડક પગલાં લેવા અનિવાર્ય છે. પ્રથમ, ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ સામે માત્ર ચલણ ફાડવાને બદલે લાઈસન્સ રદ કરવા જેવા કડક કાનૂની પગલાં લેવા જોઈએ. દારૂના નશામાં વાહન ચલાવતા લોકો માટે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવી જેલની સજાની જોગવાઈ કરવી જોઈએ. તમામ મુખ્ય માર્ગો પર સ્પીડ ગન, સીસીટીવી અને એઆઈ આધારિત ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ સક્રિય કરવી જોઈએ.

બ્લેક સ્પોટ્સ અને ખરાબ રસ્તાઓની સત્વરે મરામત કરી રસ્તાઓની ડિઝાઈન સુરક્ષિત બનાવવી જોઈએ. આ સાથે જ, શાળાઓ અને કોલેજોમાંથી જ વાહન ચલાવવાની યોગ્ય શિસ્ત અને ટ્રાફિક જાગૃતિ અંગેના સંસ્કાર આપવા જરૂરી છે. જ્યારે તંત્ર પોતાની જવાબદારી સમજી કડક અમલ કરાવશે અને નાગરિકો પણ વાહન ચલાવતી વખતે પોતાની તેમ જ અન્યોની જિંદગીની કિંમત સમજશે, ત્યારે જ આ રક્તરંજિત માર્ગો શાંત થઈ શકશે.



જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન અશક્ય

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન માટે ૩ સ્થળો નક્કી કરાયા

નવીદિલ્હી, તા. ૧૨

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે, ગૃહ મંત્રાલયે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. દિલ્હી પોલીસે વિરોધ પ્રદર્શનો માટે નિયુક્ત સ્થળોમાં ફેરફાર કર્યો છે. પોલીસ કમિશનર અનુરાગ કુમાર દ્વારા જારી કરાયેલા સ્થાયી આદેશ અનુસાર, જંતર મંતરને વિરોધ સ્થળ તરીકે સૂચિત સ્થળથી દૂર કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલય દ્વારા રચાયેલી સમિતિની ભલામણોના આધારે આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. નાગરિકોના વિરોધ પ્રદર્શન અને પ્રદર્શન કરવાના અધિકાર માટે હાલના નિયુક્ત સ્થળના વિકલ્પો શોધવાનું કામ સમિતિને સોંપવામાં આવ્યું હતું. સમિતિની ભલામણોના આધારે, પ્રદર્શનો માટે ત્રણ વૈકલ્પિક સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે પ્રદર્શનો માટે સ્થળો ફાળવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

દિલ્હી પોલીસના આદેશના પહેલા ફકરામાં જણાવાયું છે કે ભારત સરકારના ગૃહ મંત્રાલયે નાગરિકોના વિરોધ પ્રદર્શનો માટે વૈકલ્પિક સ્થળો ઓળખવા માટે એક સમિતિની રચના કરી હતી. સમિતિને નાગરિકોને અન્ય સ્થળો ઉપલબ્ધ કરાવી શકાય તે સુનિશ્ચિત કરવા માટે હાલના સ્થળોના વૈકલ્પિક સ્થળોની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સમિતિની ભલામણોના આધારે, જંતર મંતરને સૂચિત વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે અને ત્રણ નવા સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. આદેશમાં જણાવાયું છે કે આ નિર્ણય સમિતિની ભલામણો પર આધારિત છે.

દિલ્હીના મુખ્ય જાહેર મેદાનોમાંના એક, રામલીલા મેદાનને નવા નિયુક્ત વિરોધ સ્થળોમાં સમાવવામાં આવ્યું છે. અહીં વિરોધ પ્રદર્શનો, પ્રદર્શનો અથવા અન્ય જાહેર કાર્યક્રમો યોજવા માટેની પ્રક્રિયાઓ જારી કરવામાં આવનાર અલગ SOP હેઠળ સ્પષ્ટ કરવામાં આવશે. બુરારી ગ્રાઉન્ડને પણ નવા નિયુક્ત વિરોધ સ્થળોમાં સમાવવામાં આવ્યું છે. અહીં વિરોધ પ્રદર્શનો કરવા માટે લાગુ પડતી શરતો, પરવાનગી પ્રક્રિયા અને અન્ય વ્યવસ્થાઓ અલગ માર્ગદર્શિકામાં વિગતવાર જણાવવામાં આવશે. પૂર્વ દિલ્હીમાં CBD ગ્રાઉન્ડને ત્રીજા વૈકલ્પિક વિરોધ સ્થળ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે. આ નિર્ણય રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો માટે બીજું નિયુક્ત સ્થળ પૂરું પાડે છે.

૧૯૯૩માં જંતર મંતર દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો માટે નિયુક્ત સ્થળ બન્યું. હકીકતમાં, ૧૯૮૮માં, ખેડૂત નેતા મહેન્દ્ર સિંહ ટિકૈતની આગેવાની હેઠળ ખેડૂતોએ દિલ્હીના બોટ ક્લબ વિસ્તારમાં એક મોટો વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું. ત્યારબાદ, ત્યાં વિરોધ પ્રદર્શનો પર નિયંત્રણો કડક કરવામાં આવ્યા. બોટ ક્લબ પર પ્રતિબંધો બાદ, ૧૯૯૩માં જંતર મંતર રોડ એક મુખ્ય વિરોધ સ્થળ બન્યું. જો કે, આ ઔપચારિક સરકારી જાહેરાતને બદલે વહીવટી દેખરેખ હેઠળ શરૂ થયું. ૨૦૧૧માં અણ્ણા હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલને જંતર-મંતરને દેશવ્યાપી માન્યતા અપાવી. જંતર-મંતર લગભગ ૩૩ વર્ષથી દિલ્હીમાં વિરોધ પ્રદર્શનોના મુખ્ય કેન્દ્ર તરીકે જાણીતું છે. ૧૯૯૩માં તેને માન્યતા મળી, અને ૨૦૧૧ના અણ્ણા હજારે આંદોલન પછી, તે રાષ્ટ્રીય સ્તરે વિરોધના મુખ્ય અવાજનું પ્રતીક બની ગયું. જંતર-મંતર સીજેપી આંદોલન દ્વારા પણ હેડલાઈન્સમાં આવ્યું, જેમાં આ વખતે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી માંગવામાં આવી.

ફોર્મ-૬નો ચુકાદો આપ્યો નથી : SC

CJI એ કહ્યું સમાચાર માટે પસંદગીયુક્ત શબ્દોનો ઉપયોગ કરશો નહીં

નવીદિલ્હી, તા. ૧૨

મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લગતો વિવાદ ચાલુ છે. વિપક્ષ SIR પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવી રહ્યો છે. દરમિયાન, સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે બિહાર SIR કેસમાં નવા ફોર્મ ૬ પર હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. અરજદારના વકીલે જણાવ્યું હતું કે ૫ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે ફોર્મ ૬ ને કોર્ટની મંજૂરી મળી નથી. જોકે, ચૂંટણી પંચ (ECI) એ જણાવ્યું હતું કે તેને સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. અરજદારે જણાવ્યું હતું કે તેઓ આ બાબતે સ્પષ્ટ વલણ ઇચ્છે છે. સુનાવણી દરમિયાન, CJI સૂર્યકાંત અને ન્યાયાધીશ જયમાલા બાગચીની બનેલી બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે બિહાર SIR કેસનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે નવું ફોર્મ ૬ કોર્ટ સમક્ષ નહોતું, અને કોર્ટે આવા કોઈપણ ફેરફારોને મંજૂરી આપી ન હતી.

ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે નવા ફોર્મ ૬ પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેને મંજૂરી આપવામાં આવી હતી કે નહીં, બિહાર કેસનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે નવું ફોર્મ ૬ કોર્ટ સમક્ષ નહોતું. દરમિયાન, CJI સૂર્યકાંતે કહ્યું, ''કૃપા કરીને સમાચાર વસ્તુઓ માટે પસંદગીયુક્ત શબ્દોનો ઉપયોગ કરવાનું ટાળો.'' ન્યાયાધીશ બાગચીએ



જણાવ્યું હતું કે નવા ફોર્મ ૬ પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. CJI એ જણાવ્યું હતું કે બિહાર ઝીંછ ના નિર્ણય વખતે નવું ફોર્મ ૬ અસ્તિત્વમાં નહોતું. આનો અર્થ એ નથી કે સુપ્રીમ કોર્ટે તેને મંજૂરી આપી છે કે નામંજૂર કરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેણે નવા ફોર્મ ૬ ના ઘોષણાને (નવા મતદારોની નોંધણી માટે) મંજૂરી કે નામંજૂર કરી નથી. કોર્ટે જણાવ્યું હતું કે તેની માન્યતા હજુ નક્કી થવાની બાકી છે. કોર્ટે મૌખિક રીતે જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ની ટિપ્પણી ફક્ત એ દર્શાવવા માટે હતી કે મે ૨૦૨૬ ના બિહાર SIR ના નિર્ણયમાં નવા ફોર્મ ૬ ની તપાસ કરવામાં આવી ન હતી કારણ કે તે સમયે તે અસ્તિત્વમાં નહોતું. CJI સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે પ્રિયા મિશ્રા દ્વારા ભારતીય ચૂંટણી પંચ (ECI) અંગે દાખલ કરાયેલી રિટ અરજીની સુનાવણી કરતી વખતે આ મૌખિક અવલોકનો કર્યા હતા.

અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વકીલ નરેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે CJI એ ગયા અઠવાડિયે ભારતના ચૂંટણી પંચના દાવાને ફગાવી દીધો હતો કે સુપ્રીમ કોર્ટે નવા ફોર્મ ૬ ને મંજૂરી આપી છે. મિશ્રાએ જણાવ્યું હતું કે, ''૫ ઓક્ટોબરના રોજ, આ કોર્ટે પહેલાથી જ સ્પષ્ટતા કરી હતી કે ફોર્મ ૬ ને કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. જોકે, ECI એ જણાવ્યું હતું કે તેને સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.'' ન્યાયાધીશ બાગચીએ જવાબ આપ્યો, ''નવા ફોર્મ ૬ પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. અમે ફક્ત એટલું જ કહ્યું છે. તેને મંજૂરી આપવામાં આવી છે કે નહીં.'' ન્યાયાધીશ બાગચીએ વધુ સ્પષ્ટતા કરી હતી કે CJI એ જે કહ્યું તે એ હતું કે બિહાર SIR નિર્ણય પસાર થયો ત્યારે નવું ફોર્મ ૬ અસ્તિત્વમાં નહોતું. આનો અર્થ એ નથી કે સુપ્રીમ કોર્ટે તેને મંજૂરી આપી છે કે નામંજૂર કરી છે. ''અમે તેની તપાસ કરીશું,'' તેમણે કહ્યું. બેન્ચે અરજી પર નોટિસ જારી કરવા સંમતિ આપી અને CEC જ્ઞાનેશ કુમાર સામે દાખલ કરાયેલ સંબંધિત અરજીઓ સાથે તેને ૨૭ ઓક્ટોબર માટે સૂચિબદ્ધ કરી.

૧૫ મહિના પછી પણ ભારતમાં સ્ટારલિંક સેવા નહિ

સુરક્ષા મંજૂરી સહિત, રહેલી જટિલતાઓનું અન્વેષણ કરવું અનિવાર્ય

નવીદિલ્હી, તા. ૧૨

એલોન મસ્કની કંપની સ્ટારલિંક દ્વારા ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા શરૂ કરવાની રાહ વધુ લાંબી થઈ રહી છે. કંપનીને જૂન ૨૦૨૫ માં તેનું પ્રારંભિક લાઇસન્સ મળ્યું હતું, પરંતુ ૧૫ મહિના વીતી ગયા છે અને સેવા શરૂ થઈ નથી. ચર્ચાએ હવે રાજકીય વળાંક લીધો છે. મસ્કે રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી પર નિશાન સાધતા કહ્યું કે તેમના સમર્થકોની દલીલો વિરોધાભાસી છે. તેના જવાબમાં, સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું કે સ્ટારલિંક દેશની સુરક્ષા એજન્સીઓ માટે પડકારો ઉભા કરી શકે છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે સ્ટારલિંક હજુ કઈ મંજૂરીઓની રાહ જોઈ રહી છે અને ભારતમાં તેના લોન્ચમાં ક્યાં અવરોધો છે. ભાજપના સાંસદ અને સંસદીય સમિતિના અધ્યક્ષ, નિશિકાંત દુબેએ સ્ટારલિંક અંગે સુરક્ષા ચિંતાઓ વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે સ્ટારલિંક દેશની સુરક્ષા એજન્સીઓ માટે પડકારો ઉભા



કરી રહી છે. તેમના મતે, સંરક્ષણ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને તપાસ એજન્સીઓ પણ આ ધમકીઓથી પ્રભાવિત થઈ રહી છે. દુબેએ એમ પણ કહ્યું કે ૨૦૧૩-૧૪ માં, મનમોહન સિંહ સરકારે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) ને આ ધમકીઓ વિશે જાણ કરી હતી.

નિશિકાંત દુબેએ ભારત પર સવાલ ઉઠાવતા પહેલા એલોન મસ્કને યુનાઇટેડ સ્ટેટ્સમાં ગરીબ લોકોને સસ્તું ઇન્ટરનેટ પૂરું પાડવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે ભારત એક સાર્વભૌમ લોકશાહી દેશ છે અને સોશિયલ મીડિયા કે અન્ય દબાણ હેઠળ તેની સુરક્ષા નીતિઓમાં ફેરફાર કરતું નથી. જો ભારતમાં પૈસા એકમાત્ર પ્રાથમિકતા હોત, તો સુરક્ષા એજન્સીઓની ચિંતાઓ છતાં સ્ટારલિંકને મંજૂરી આપવામાં આવી હોત. ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) એ જૂન ૨૦૨૫ માં સ્ટારલિંકને ગ્લોબલ મોબાઈલ પર્સનલ કોમ્યુનિકેશન બાય સેટેલાઇટ (GMPCS) લાઈસન્સ આપ્યું હતું. ત્યારબાદ, IN-SPACEએ જુલાઈ ૨૦૨૫ માં કંપનીના Gen-1 સેટેલાઇટ નક્ષત્રને મંજૂરી આપી. સપ્ટેમ્બર ૨૦૨૫ માં ટ્રાયલ માટે કામચલાઉ સ્પેક્ટ્રમ પણ આપવામાં આવ્યું હતું. આનો અર્થ એ છે કે કંપનીને ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવાઓ શરૂ કરવા માટે કેટલીક જરૂરી મંજૂરીઓ મળી છે, પરંતુ બધી પ્રક્રિયાઓ હજુ પૂર્ણ થઈ નથી.

કેન્દ્રીય મંત્રી પેમ્માસની ચંદ્રશેખરના જણાવ્યા અનુસાર, સ્ટારલિંક સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા પ્રદાતાઓ પર લાગુ સુરક્ષા શરતો માટે સંમત થઈ છે. આમાં ભારતમાં અર્થ સ્ટેશન ગેટવે સ્થાપિત કરવો, વિદેશમાં ભારતીય વપરાશકર્તા ડેટાની નકલો અથવા ડિક્રિપ્શન ન કરવું અને વિદેશી સર્વર પર વપરાશકર્તા ટ્રાફિકની નકલ ન કરવી શામેલ છે. કંપની જણાવે છે કે તેણે ભારતમાં ૨૦ ગેટવે સાઇટ્સ સ્થાપિત કરી છે અને દેશની અંદર ભારતીય યુઝર ડેટા સ્ટોર કરવા માટે એક અલગ સિસ્ટમ પણ સ્થાપિત કરી છે. જો કે, ફક્ત ગેટવે સ્થાપિત કરવાથી સુરક્ષા મંજૂરી પ્રક્રિયા પૂર્ણ થતી નથી. સરકારે એ પણ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે નેટવર્કનો ઉપયોગ કરતી વખતે ભારતીય નિયમો અને સુરક્ષા આવશ્યકતાઓનું પાલન કરવામાં આવે. સરકારે સેટેલાઇટ ઇન્ટરનેટ કંપનીઓને સ્પેક્ટ્રમ ફાળવવા માટે હરાજીને બદલે વહીવટી ફાળવણી પસંદ કરી છે. આ પદ્ધતિ સ્ટારલિંકની માંગણીઓ સાથે સુસંગત છે. જો કે, ટેલિકોમ કંપનીઓ દ્વારા આ વ્યવસ્થા પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે. રિલાયન્સ જિયોએ દલીલ કરી છે કે સેટેલાઇટ ઇન્ટરનેટ કંપનીઓએ એવી શરતો પર સ્પેક્ટ્રમ પ્રાપ્ત ન કરવો જોઈએ જે તેમને પરંપરાગત ટેલિકોમ કંપનીઓ કરતાં અન્યાયી ફાયદો આપે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

આશાપુરા માતાનો મઢ એ કચ્છનું નજરાણું છે, અને એનાં નામ પ્રમાણે સૌનાં કોડ પૂરનારી છે



વાચકો તરફથી વિદેશ પ્રવાસની અનુભૂતિ અને ત્યાંના કલ્ચર વિશેનાં લેખની માંગ આવી છે, એ તો નવરાત્રી પછી જોઈશું, પણ ઓસ્ટ્રેલિયન ડોલરની કિંમત વધતી જાય છે, એ બતાવે છે કે એનું અર્થતંત્ર સદ્ધર થતું જાય છે! બહુ તો ખબર નથી, પણ ભારતીયો કરતાં એમની જરૂરીયાત પ્રમાણમાં ઘણી ઓછી લાગી! ઓસ્ટ્રેલિયામાં ખૂબ ઈન્ડિયન છે, અને લિટલ ઈન્ડિયા તરીકે એક આખું ફૂડ ઝોન પણ છે. ઓસ્ટ્રેલિયનો હવે ઈન સિક્યોર ફિલ કરે છે, અને એટલે ઈન્ડિયન પર પ્રતિબંધનું વલણ અપનાવી શકે! જોકે મારી માટે તો મેરા ભારત મહાન! અને એટલે જ એનું અર્થતંત્ર સદ્ધર બનાવવા થોડું ચિંતન કરીએ. આજે આસો નવરાત્રીનો ત્રીજો દિવસ, એટલે નવ દુર્ગાનાં ચંદ્રઘંટા સ્વરૂપની આરાધનાનો દિવસ.આમ તો ચંદ્રઘંટાની ઉપાસના કે આરાધના કરનારાની કોઈ પણ વિદ્યા સિદ્ધ થાય છે, અથવા જ્ઞાનની પૂર્તિ થાય છે, અને જીવનમાં સુખ શાંતિ રહે છે. જોકે સુખ સાથે સાથે શાંતિ પ્રાપ્ત કરવી એ હકીકતમાં સૌથી મોટી સિદ્ધિ છે, પણ માનવીય માનસિકતા ને કારણે શાંતિ હાથવગી હોવા છતાં એવી સિદ્ધી પ્રાપ્ત કરી શકતો નથી. શાંતિ સુધી ન પહોંચી શકવાનું એક કારણ આપણે માફી માંગી પણ શકતાં નથી, અને માફી આપી પણ શકતા પણ નથી! અને કોઈ બીજું કારણ હોય તો એ ઈચ્છાને આશાનું નામ આપી નિત નવી નવી ઈચ્છાઓ કરીએ છીએ. ચંદ્રઘંટાની ઉપાસનાથી શક્તિનું અનન્ય સ્વરૂપ ક્ષમા પણ છે, એવું જ્ઞાન થાય છે, જીવનમાં જ્ઞાન આવતા ક્ષમા નામનો અનન્ય ગુણ વિકસે છે, અને ક્ષમા ઈર્ષાને સમાપ્ત કરે છે કે પછી દેખાદેખી છોડાવી દે છે, એટલે ઈચ્છાઓ નાં ચક્રવ્યૂહ માંથી આસાનીથી બહાર આવી શકાય છે, આમ ક્ષમા વીરનું ભૂષણ પણ કહેવાય છે. સંબંધોમાં મધુરતા આવે એ માટે ક્ષમા બહુ જરૂરી છે, આ દૈવીય ગુણ જેનામાં જોવા મળે છે, તેની પર મા જગત જનની અનન્ય કૃપા હોય છે.આશા નિરાશાનાં દ્વંદમાં ઘેરાયેલું માનવીય જીવન, અપેક્ષા ઉપેક્ષાથી પ્રેરાઈને વેર ઝેર વધારે છે. સાચા જ્ઞાનની પ્રાપ્તિ થતા, આ વેરની ભાવના મટે છે, અને ગુણ વિકસે છે. તો આજે આપણે સૌની આશા પૂરી કરનાર મા આશાપુરા ના મઢ વિશે આવો દર્શન કરીએ માં વાત કરીશું.

મંદિર આપણી સંસ્કૃતિની ધરોહર છે, અને આપણને વિશ્વાસ છે કે આપણે મંદિરમાં જઈ જે તે ભગવાનને પ્રાર્થના કરીશું એ અવશ્ય આપણું સાંભળશે અને આપણને મુશ્કેલી માંથી ઉગારશે! અને આવી દ્રઢ માન્યતાને કારણે મંદિરોનો ઐતિહાસિક વિરાસત ધરાવીએ છીએ! અને આવું જ એક ઐતિહાસિક મંદિર એટલે કે મા આશાપુરા નું મંદિર. આશાપુરા માતા કચ્છના પ્રમુખ દેવી-દેવતાઓમાંના એક છે. તેમના નામ પ્રમાણે જ આ દેવી છે, જે તેમના પર શ્રદ્ધા ધરાવનારા અને પૂજનારાઓની ઇચ્છાઓ પૂરી કરે છે, એવી માન્યતા છે. આશાપુરા માતાની મોટાભાગની મૂર્તિ વિશેની વિશિષ્ટ વસ્તુ એ છે કે તેમાં આંખની ૭ જોડીઓ હોય છે. ઉપરાંત ગર્ભ ગૃહમાં માતાની પૂરા છ ફીટની પ્રતિમા છે.

તેમના મંદિરો મુખ્યત્વે ગુજરાતમાં જોવા મળે છે. રાજસ્થાન અને ગુજરાતમાં અમુક લોકો તેને અન્નપૂર્ણા દેવીનો અવતાર માને છે.

ગુજરાતમાં પણ ઘણા ચૌહાણ,ઠાકોર, પુરબિય જેવા બારીયા રજપૂતો પણા તેમની કુળદેવી તરીકે પૂજા કરે છે. દેવડા રાજપુતો પણ તેમની કુળદેવી તરીકે પૂજા કરે છે. બિલોર જેવી બ્રાહ્મણ જ્ઞાતિઓ,ગૌર, ઠાંકી, પંડિત અને દવે પુષ્કર્ણા, સોમપુરા,સલાટ, પણ તેમને કુળદેવી તરીકે પૂજે છે. વૈશ્ય સમુદાયમાં, જેમ કે વિજયવર્ગીય જ્ઞાતિ તેમની પૂજા કરે છે. બ્રહ્મ ક્ષત્રિ જાતિ પણ તેમની કુળદેવી તરીકે ઉપાસના કરે છે.રાજકોટ સુરતના રઘુવંશી લોહાણા ની પણ તે કુળદેવી છે.

મા આશાપુરાનાં પ્રાગટ્યની અનોખી કથા છે એવું કહેવાય છે કે ,આજથી લગભગ ત્રણ હજાર વર્ષ પહેલા દેવચંદ વાણિયા નામનો વ્યક્તિ કચ્છમાં હતો તે દરમિયાન તેણે નવરાત્રિમાં અહીં માતાજીની સ્થાપના કરીને ભક્તિપૂર્વક આરાધના કરી હતી. જે જોઈને માતાજી પ્રસન્ન થયા, અને વાણીયાને સ્વપનમાં આવી જણાવ્યું કે જે જગ્યાએ મારૂ સ્થાપન કર્યું છે, તે જગ્યાએ મારુ મંદિર બનાવજે. પરંતુ સાથે જ એવી ચેતવણી આપી હતી કે, મંદિરનાં દરવાજા છ મહિના સુધી ખોલવા નહિ, વાણિયો ખૂબ રાજી થઈ ગયો, અને તેણે મંદિર બંધાવ્યું અને મંદિરની રખેવાળી કરવા માટે તે અહીં જ રહેવા લાગ્યો. એક પછી એક એમ પાંચ મહિના પસાર થઈ ગયા, અચાનક મંદિરની પાછળથી ઝાલર અને ઘૂંઘરૂ સાથે મધુર અવાજનો રણકાર સંભળાયો. જે સાંભળીને દેવચંદની અધીરાઈ ખૂટી ગઈ, અને તેણે મંદિરનાં દ્વાર ખોલી નાખ્યા, અને મંદિરમાં પ્રવેશતા જ જીવન ધન્ય થાય, તેવી દેવીની ભવ્ય મૂર્તિના દર્શન થયા. પરંતુ વાણિયાએ એક મહિના પહેલા મંદિરના દ્વાર ખોલી નાખ્યા હોવાથી, મા અર્ધસ્વરૂપમાં પ્રગટ થયા હતા. તેણે માતાજીની માફી પણ માંગી. માતાજી તેની ભક્તિથી પ્રસન્ન હોવાથી, તેને માફ કરી વરદાન માગવાનું કહ્યું , કહેવાય છે કે દેવચંદએ પુત્ર રત્નની માંગણી કરી અને મા એ આશા પૂર્ણ કરી હતી. માતાજી આશા પૂર્ણ કરતા હોવાથી ત્યારથી આશાપુરાનાં નામે ઓળખાય છે.

મા આદ્યશક્તિનું આશા સ્વરૂપ હોય કે પછી અન્ય કોઈ, તે હંમેશા ભક્તની આશા પૂરી કરનાર જ હોય છે, અને સદાય ભક્ત પર કૃપાનો વરસાદ કરે છે. જ્યારે જ્યારે આપણી આશા કે માંગ પૂરી થાય ત્યારે આપણે કેટલા ખુશ થઈ એ છીએ! પણ પછી માતાની કૃપાનું કારણ હતું એ ભૂલીને પોતાની હોશિયારી નાં ગુણગાન ગાઈએ છીએ. પણ જો આશાપુરા એ આપણી આશા પૂરી કરી એમ આપણે બીજાની આશા પૂરી કરનારા બનીને મા આશાપુરાની આભાર આરાધના કરવી, એવું પણ એક વ્રત આજીવન લઈ શકાય! અને એટલે જ આશાપુરા માતાની આરાધના કરવાના આ દિવસોમાં, આપણે ફક્ત સ્તુતિ સ્તવન ન કરી, અન્ય રીતે તેને પ્રસન્ન કરવાની ચેષ્ટા કરીએ, અને સાથે-સાથે પરોપકાર તેમજ પ્રકૃતિનું સંવર્ધન પણ જરૂરી છે, એ દ્રષ્ટિકોણ થી જ દાન નો મહિમા છે! એ પણ વિચારીશું. સ્વાર્થ છોડી પરમાર્થ કાર્ય વિશે પણ થોડું વિચારીએ, કારણ કે માતાનું એક સ્વરૂપ ભીડભંજની પણ છે. પ્રસાદમાં ભાગ્યનો ભોગ ધરી ભવિષ્ય વિશે નિશ્ચિંત બનીને માડીને ચરણે મસ્તક મુકીએ. દરેક જણ પોતાની શ્રદ્ધા પ્રમાણે આ આસો નવરાત્રી અનુષ્ઠાન કરીને જીવનમાં સત્યને પંથે ખૂબ પ્રગતિ કરે તો માત્ર વ્યક્તિ નહીં પરંતુ સમાજ પણ સુખ શાંતિ ની સિદ્ધિ સુધી પહોંચી શકે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

પાડોશમાં રહેતાં બે શખ્સો બોલાચાલી કરતાં હોઇ જોવા જતાં ડખ્ખો થઇ ગયો

અમારામાં દખલ દીધી તો જીવથી જઈશ

રૈયાધારમાં આધેડે બે દિકરા સાથે મળી પાણકાના ઘા કર્યાઃ પશુપાલક અને તેના દિકરા-દિકરીને ઈજા પહોંચીઃ યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કર્યો



રાજકોટ, તા.૧૨

નાની મોટી વાતે મારામારીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આ વચ્ચે રૈયાધારમાં પશુપાલન આધેડ પાડોશમાં રહેતાં શખ્સો વચ્ચે બોલાચાલી થતી હોઇ ત્યાં જતાં આ શખ્સોએ તારે અમારી વાતમાં દખલગીરી કરવી નહિ તેવુ કહી પાણાવારી કરતાં આ પશુપાલક તેમજ તેના દિકરા, દિકરીને ઈજાઓ થઈ હતી. માથે જતાં હુમલાખોરે ધમકી પણ આપી હતી કે હવે પછી દખલગીરી કરીશ તો જીવથી જઇશ. પોલીસે આ મામલે ચાર આધેડ અને તેના બે દિકરા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વિગતો જોઇએ તો રૈયાધાર મચ્છુનગર ક્વાર્ટર પાસે રહેતાં પશુપાલક આધેડ શેરીમાં એક શખ્સ અને તેના બે દિકરા સહિત ચાર જણા ઉભા રહી અંદરો અંદર બોલાચાલી કરતાં હોઇ પશુપાલક ત્યાં સમજાવવા જતાં આ લોકોએ તારે અમારી વાતમાં દખલગીરી કરવી નહિ કહી પથ્થરમારો કરતાં તે ઘર તરફ ભાગતાં તેને એક પથ્થર લાગી ગયો હતો. બાદમાં તેની દિકરી, દિકરો વચ્ચે પડતાં તેના તેને પણ પથ્થર ફટકારાયા હતા. જેમાં ચૌદ વર્ષની દિકરી લોહીલુહાણ થઇ ગઇ હતી.

રૈયાધાર મચ્છુનગર ક્વાર્ટરની બાજુમાં કચરાપેટીની સામે રહેતાં અને પશુપાલન કરી ગુજરાન ચલાવતાં નનુભાઇ બાલાભાઇ સારોલીયા નામના અડતાલીસ વર્ષના પશુપાલકની ફરિયાદ પરથી રૈયાધારના નાજા લાલજીભાઇ, ભાવેશ નાજાભાઇ અને રવિ નાજાભાઇ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. નનુભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ઘેટા બકરા ચરાવી ગુજરાન ચલાવુ છું. મારા પત્નિનું નામ ગીતાબ છે. મારે સંતાનમાં ચાર દિકરી અને ત્રણ દિકરા છે. રવિવારે સાંજે આઠેક વાગ્યે હું અને પરિવારજનો ઘર બહાર ઉભા હતાં ત્યારે શેરીમાં રહેતાં નાજા લાલજી અને તેના દિકરા ભાવેશ તથા રવિ તથા અમારી શેરીમાં જ રહેતો શનીયો એમ ચારેય ઉભા હતાં.

જેમાં રવિ અને શનીયો બોલાચાલી કરવા લાગતાં હું ત્યાં ગયો હતો. ત્યારે રવિ, તેના પિતા નાજા અને ભાઇ ભાવેશે-તારે અહિ અમારી વાતમાં દખલ ગીરી કરવાની જરૂર નથી તેમ કહી ગાળો દીધી હતી. બાદમાં નાજાએ પથ્થ ઉપાડી મારવા દોડતાં હું મારા ઘર તરફ જતો રહ્યો હતો. આ વખતે નાજાએ પથ્થરનો છુટો ઘા કર્યો હતો. એ પછી રવિ અને ભાવેશે પણ પથ્થરના ઘા કરવાનું ચાલુ કર્યુ હતું. જેમાં એક ઘા મને ખભા પર લાગી ગયો હતો. મેં રાડારાડી કરતાં મારા પરિવારના લોકો દોડી આવ્યા હતાં. જેમાં દિકરી સુનિતા જે ચૌદ વર્ષની છે તે મને બચાવવા વચ્ચે પડતાં નાજાએ ફેંકેલો પથ્થર સુનિતાને માથામાં લાગી ગયો હતો.

તેમજ ભાવેશે ફેંકેલો પથ્થર મારા સોળ વર્ષના દિકરા અજયને લાગી ગયો હતો. અમે દેકારો મચાવતાં બીજા લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. જતાં જતાં પણ નાજાએ હવે પછી અમારી વાતમાં દખલગીરી કરીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી દીધી હતી. મારી દિકરી સુનિતાને માથામાંથી લોહી નીકળતું હોઇ ૧૦૮ બોલાવી હોસ્પિટલમાં ખસેડી હતી. તેમ વધુમાં નનુભાઇએ કહેતાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ગુનો નોંધ્યો હતો. પોલીસે આરોપીઓને પકડી લેવા તજવીજ હાથ ધરી હતી.

તમારા નાના દિકરાને સાથે કેમ રહેવા દેતાં નથી કહી લાકડીના ઘા ફટકાર્યા



રાજકોટ તા. ૧૨

મારામારીના વધુએક બનાવમાં લાકડીથી ફટકારી ધમકી અપાઇ હતી. વિંછીયાના ગોરૈયા ગામે રહેતા ઇશ્વરભાઇ મથુરભાઇ સાસુકીયા નામના પિસ્તાલીસ વર્ષના આધેડ તેની વાડીએ હતા ત્યારે ત્યાં ઘસી આવેલા કલ્પેશ વલ્લભભાઇ સાસુકીયા અને ગૌતમ ભરતભાઇ સાસુકીયાએ 'કેમ તમારા નાના દિકરા અલ્પેશને સાથે રહેવાની ના પાડો છો' કહી માર મારી ઇજા કર્યાની વિંછીયા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી.

ખેતીકામ કરતા ઇશ્વરભાઇએ પોલીસ ફરીયાદમાં જણાવ્યું કે, તેને સંતાનમાં બે પુત્રો છે, દસમીએ સાંજે ગોરૈયા ગામે આવેલી તેની વાડીએ હતા ત્યારે ત્યાં આરોપી કલ્પેશ અને ગૌતમ ઘસી આવ્યા હતા બાદમાં તેણે 'તમે તમારા નાના દિકરા અલ્પેશને અમારી સાથે રહેવાની કેમ ના પાડો છો' કહી લાકડી વડે હુમલો કરી ઇજા કરી 'જો આગળથી આ અલ્પેશને અમારી સાથે રહેવાની ના પાડી તો અમે તમને જાનથી મારી નાખીશું' કહી માર મારી ત્યાંથી જતા રહયા હતા. આ અંગે પરિવાર જનોને જાણ કરતા તેને વિંછીયા હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારબાદ ફરીયાદ નોંધાવતા હેડ કોન્સ. ડી.એન. ગાજીપરાએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

કાલાવાડ રોડ ગુ.હા. બોર્ડ ક્વાર્ટરમાં રહેતાં અને સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે

ફોટોગ્રાફરે ઈન્દિરા સર્કલ પાસે ઝેર પીધું ચિઠ્ઠીમાં પત્નિ, સાસુ, સાળી સામે આક્ષેપો



અમદાવાદ, તા.૧૨

કાલાવડ રોડ કટારીયા ચોકડી નજીક ગુ.હા. બોર્ડ ક્વાર્ટરમાં રહેતાં અને સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે ફોટોફ્લેશ નામે સ્ટુડીયો ચલાવતાં છવ્વીસ વર્ષના ફોટોગ્રાફર યુવાન જય જેઠાભાઇ સોલંકીએ સવારે પોણા છએક વાગ્યે ઘેરથી નીકળ્યા બાદ ઇન્દિરા સર્કલથી આકાશવાણી ચોક વચ્ચેના રસ્તા પર ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. તેના કહેવા મુજબ લવમેરેજ બાદ પત્નિ માવતરે જતી રહી હોઇ અને હવે પત્નિ તેમજ સાસરીયા હેરાન કરતાં હોઇ આ પગલુ ભર્યુ હતું. જય એક ભાઇ અને એક બહેનમાં નાનો છે. તેણે આ પગલુ ભરતાં પુર્વે સ્યુસાઇડ નોટ લખી હતી.

આ સ્યુસાઇડ નોટમાં લખ્યું છે કે હું જયકુમાર સોલંકી દવા પીવ છું, કેમ કે મારી ઘરવાળી જલ્પા અને તેના મમ્મી રામેશ્વરીબેન, તેની બહેન દિપાલી આ લોકો માનસિક હેરાન કરે છે. અમે કાયદેસર મેરેજ કરેલા છે ત્યારે મારી જાતીની ખબર હતી. પણ મેરેજ પછી અવાર-નવાર તેઓ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં હતાં. મારી ઘરવાળી છ મહિના પહેલા મને મુકીને તેના મમ્મીના ઘરે જતી રહી હતી. તેનું કારણ એ છે કે મેં તેને ખરાબ હાલતમાં પકડી હતી. મેં તેના પાછા આવવાની ઘણી ટ્રાય કરેલી પણ તેના મમ્મી અમારુ લગ્નજીવન ભાંગવા જ માંગતા હતાં.

આ લોકોની હેરાનગતીને કારણે હું માનસિક થઇ ગયો છું. આજે પણ તેના એક ફ્રેન્ડે મને માર મારવાની ધમકી દઇ ગાળો દીધી હતી. જેથી હું દવા પીવ છું. જેના જવાબદાર આ બધા લોકો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસે આક્ષેપો અને ચિઠ્ઠી અંગે તપાસ શરૂ કરી હતી. જય સારવાર હેઠળ છે.

આનંદનગરના પ્રૌઢે ઝેરી દવા પી જિંદગી ટુંકાવી



રાજકોટ તા. ૧૨

આત્મહત્યાની એક ઘટનામાં કોઠારીયા રોડ આનંદનગર સોસાયટી ખોડીયાર ચોકમાં રહેતાં ચોપન વર્ષના નૈમિષભાઇ કિરીટભાઇ પારેખ સવારે ઘરે ઘઉંમાં નાંખવાના ટીકડા પી જતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. તે એક ભાઇ એક બહેનમાં મોટા હતાં અને સંતાનમાં એક દિકરો છે. પોતે કુવાડવા રોડ રણછોડદાસ બાપુના આશ્રમમાં નોકરી કરતાં હતાં. બનાવનું કારણ જાણવા ભક્તિનગર પોલીસે તપાસ યથાવત રાખી હતી. બનાવને પગલે પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

દારૂ ભરેલી થાર સાથે PCBએ એકને પકડ્યો, બીજાનું નામ ખુલ્યુ

રાજકોટ મોરબી હાઇવે રતનપરના પાટીયા પાસે કાર્યવાહી : ૮૬ હજારનો મુદ્દામાલ જપ્ત



રાજકોટ તા. ૧૨

દારૂના વધુ એક દરોડામાં પીસીબીએ હેરાફેરી અટકાવી હતી. રાજકોટ-મોરબી હાઇવે પર રતનપર ગામના પાટીયા પાસેથી પી.સી.બી. એ ૮૬ હજારના વિદેશી દારૂ ભરેલી થાર સાથે ગાંધીગ્રામના શખ્સને ઝડપી લીધો હતો. પુછતાછમાં ગ્રાંધીગ્રામના શખ્સને ઝડપી લીધો હતો. પુછતાછમાં ગાંધીગ્રામના અન્ય આરોપીનું નામ ખુલતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, જે.સી.પી. ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઇમ બી.બી. બસીયાની સુચનાને પગલે પીસીબી પી.આઇ. એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયાન હેડકોન્સ. ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા અને વિશાલભાઇ દવેને મળેલી બાતમીના આધારે ટીમે રાજકોટ-મોરબી હાઇવે પર રતનપર ગામના પાટીયા પાસેથી થારમાં દારૂનો જથ્થો લઇને નિકળેલા આર્યન મનીષભાઇ ચૌહાણ (ઉવ.૨૧ રહે એસ.કે ચોક, ગાંધીગ્રામ સોસાયટી)ને પકડી લઇ રૂા. ૮૬ હજારની કિમતની આર.જે.ગ્રીન વ્હીસકીની ૬૭૨ અનુ ગ્લોબસ ગ્રીનની ૨૮૮ બોટલ ફોન અને થાર મળી કુલ રૂા. ૧૦.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી આર્યનની પુછતાછમાં ધ્રુવ હિતેશભાઇ બાહુકીયા (રહે ગાંધીગ્રામ)નું નામ ખુલતા પોલીસે તેને ઝડપી પાડવા કવાયત શરૂ કરી હતી. પી.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા, પોલીસ સબ ઇન્સ્પેકટર પી.બી.ત્રાજીયા, આર.કે. જાડેજા, એ. એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, પો.હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી.

અલગ અલગ કારણોસર મોતને ગળે લગાડી લેવાની બે કરૂણ ઘટનાઃ પરિવારોના માળા વેરણછેરણ

સહધંધાર્થીના ત્રાસથી રિક્ષાચાલક નદીમાં કૂદ્યો

પગલુ ભરતાં પહેલા વિડીયો બનાવ્યોઃ પોલીસે દાખલ કરી એફઆઇઆરઃ બીજા બનાવમાં ગૃહકલેશને કારણે પરિણતાએ ઝેરી પાવડર પી મોત મેળવતાં બે બાળકો થયા મા વિહોણા



રાજકોટ, તા.૧૨

આપઘાતના અલગ અલગ બનાવો રોજબરોજ બનતા રહે છે. જેમાં કારણો પણ અલગ અલગ હોય છે. એક બનાવમાં રિક્ષાચાલક યુવાને પૂલ પરથી નદીમાં કૂદી જીવનનો અંત આણી લીધો હતો. આ ઘટનામાં પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો ખુલી હતી. આ યુવાનને તેના જ સહ ધંધાર્થી એવા રિક્ષાચાલક સહિતના પાંચ શખસો ધંધાખારને કારણે ધમકાવતાં હોઇ તેના કારણે તે મરવા મજબૂર થયાનં ખુલ્યું હતું. બીજી એક ઘટનામાં એક પરિણીતાએ કલેશને કારણે ઝેરી પાવડર પી મોત મેળવી લેતાં બે સંતાન મા વિહોણા થયા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો આ બનાવ ધોરાજીનો હતો. જેમાં સીએનજી પેસેન્જર રિક્ષા ચલાવતા આધેડે વેગડી પુલ પરથી ભાદર નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. પોતાના જ ધંધા સાથે સંકળાયેલા પાંચ વ્યક્તિઓના અસહ્ય માનસિક ત્રાસથી કંટાળીને આ આત્યંતિક પગલું ભર્યું હોવાના ગંભીર આક્ષેપો સાથેની સુસાઇડ નોટ અને વીડિયો સામે આવ્યા છે.ધોરાજીના લાખાપીર દરગાહ પાસે રહેતા અને ત્રણ સંતાનો તથા પત્નિ સાથે ગરીબ પરિવારનું ગુજરાન ચલાવતા હમીદભાઈ ખલીફા પરિવારના એકમાત્ર કમાનાર સભ્ય હતા. તેઓ સીએનજી પેસેન્જર રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું પોષણ કરતા હતાં. ધોરાજી-જામકંડોરણા રોડ પર આવેલ વેગડી પુલ પાસે પોતાની રિક્ષા ભી રાખી હતી અને નદીમાં ઝંપલાવી દીધુ હતું.

હમીદભાઈએ ભાદર નદીમાં ઝંપલાવ્યું એ પહેલા તેમણે પોતાની રિક્ષામાં જ મોબાઈલ ફોન મૂકીને એક લેખિત સુસાઇડ નોટ અને વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ચાર મહિનાથી અન્ય પાંચ ધંધાર્થીઓ દ્વારા તેમને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, દાદાગીરી કરી ધંધો કરવા દેવામાં આવતો નહોતો આ ત્રાસથી કંટાળીને આખરે તેમણે નદીમાં ઝંપલાવ્યું હતું નો આક્ષેપ બાદ બપોરે આશરે ચાર વાગ્યાના સુમારે તેમનો મૃતદેહ મળી આવતા પોસ્ટમોર્ટમ માટે ધોરાજીની સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો. ઘટના અંગે ધોરાજી પોલીસ કાફલો પણ તપાસમાં જોડાયો છે અને સુસાઇડ નોટ તથા વીડિયોના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હત. આ ઘટનાએ ધોરાજી પંથકમાં રિક્ષાચાલકોમાં ચકચાર જગાવી દીધી હતી.

બીજી ઘટના જોઇએ તો મવડી ઓમનગર ન્યુ રાજદિપ સોસાયટી-૧ ચાલીસ ફુટ રોડ પર રહેતા મિતલબેન અંકિતભાઈ બારડ નામના ત્રીસ વર્ષના પરિણીતાએ રવિવારે ઘરે ઝેરી પાવડર પી લેતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવની જાણ ગીરીરાજ હોસ્પિટલ મારફત થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ. એચ. મહારાજ અને નિલેષભાઇ સહિતે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા મિતલબેનના લગ્ન સાત વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે બાળકો છે. ગૃહકલેશને કારણે પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. આ ઘટનાથી પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો હતો.

નહિ જેવી વાતે ગુંડાગીરીઃ ચા પીવા ઉભેલા પુષ્કરધામના બે ભાઈઓને એક્ટીવા હટાવવાનું કહી હુમલો કરાયો હતો

ચાના ડોયા-લાકડીના ઘાથી ઘાયલ યુવાનનું મોત-હત્યા

ચોવીસ દિવસ પહેલા દોઢસો ફૂટ રીંગ રોડ આંબેડકરસર્કલ પાસે ઘટના બની હતીઃ તાલુકા પોલીસે સગીર અને વાવડીના શખ્સની ધરપકડ કરી હતીઃ યુવાન આશાસ્પદ દિકરાની હત્યાથી પુષ્કરધામના વિરડા પરિવારમાં કલ્પાંત

રાજકોટ, તા.૧૨

શહેરમાં નહિ જેવી વાતે વધુ એક પરિવારના યુવાન અને આશાસ્પદ દિકરાની હત્યા થઇ ગઇ છે. યુનિવર્સિટી રોડ પર પુષ્કરધામ સોસાયટીમાં રહેતાં અને ગોંડલ રોડ ચોકડી પાસે કેન્ટીન સેન્ડવીચનો સ્ટોલ ચલાવતાં બે ભાઈઓ બાવીસ વર્ષીય પ્રેમ રમેશભાઇ વીરડા અને તેના કાકાના દિકરા ઓગણીસ વર્ષિય મીત પ્રકાશભાઇ વીરડા પર ગયા મહિને દોઢસો ફુટ રીંગ રોડ પર ડો. બાબાસાહેબ આંબેડકર સર્કલ પાસે રાતે ચા પીવા ઉભા ત્યારે બે જણાએ એક્ટીવા દૂર લેવાનું કહી ગાળો દઇ ઝઘડો કરી ચાના ડોયા લાકડીથી બેફામ માર માર્યો હતો. જે પૈકી ગંભીર ઈજા પામનાર બાવીસ વર્ષના ભાઇનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

વિગતો પર નજર કરીએ તો ગત સોળમી સપ્ટેમ્બરના રાત્રે દોઢસો ફુટ રીંગ રોડ પર ડો. આંબેડકર ચોકમાં ચા પીવા ઉભા ત્યારે અહિ ચા પીવા આવેલા બે શખ્સોએ વાહન દુર હટાવવા મામલે ગાળાગાળી કરી આ બંને ભાઇઓ પર ચાના ડોયા અને લાકડીથી હુમલો કરી બેફામ માર મારતાં પ્રેમને ગંભીર ઈજા થતાં સારવાર માટે દાખલ કરાયો હતો. રાજકોટથી તેને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયો હતો. તેનું આજે મૃત્યુ થતાં બનાવ હત્યામાં પરીણમ્યો હતો. આ ઘટના બારામાં જે તે વખતે પુષ્કરધામમાં રહેતાં મીત પ્રકાશભાઇ વિરડા (ઉ.વ.૧૯)ની ફરિયાદ પરથી જે તે દિવસે તાલુકા પોલીસે અજાણ્યા બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

બાદમાં પોલીસ ઇન્સ્પેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. કે. ચૌધરીએ તપાસ હાથ ધરી આરોપી પાર્થ ઉર્ફે બબો ભૂપેશભાઇ સોલંકી અને તેની સાથે એક



બાળ કિશોરની ધરપકડ કરી હતી. જેમાં પાર્થ ઉર્ફે બબો હાલ જેલમાં છે. બીજી તરફ સારવાર માટે પ્રેમ વીરડાને અમદાવાદ ખસેડાયો હોઇ ત્યાં તેનું મૃત્યુ થતાં આ બનાવ હત્યામાં પલ્ટાયો હતો. મિત વિરડાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તે બીબીએમાં અભ્યાસ કરે છે. તે અને મોટા બાપુ રમેશભાઇ વીરડાનો દિકરો પ્રેમ (ઉ.વ.૨૨) ગોંડલ ચોકડીએ સેન્ડવીચની દુકાન પણ ચલાવતાં હોઇ તા. ૧૬ સપ્ટેમ્બરની રાતે સાડા દસેક વાગ્યે બંને ભાઇઓ અને મિત્રો અલગ અલગ બે વાહનમાં ઘરે આવતાં હતાં.

મિતને ચા પીવી હોઇ આંબેડકર ચોક સર્કલ શક્તિ હોટલે બંને ભાઇઓ રોડ સાઇડમાં એક્ટીવા રાખી ચા પીવા ઉભા હતાં. આ વખતે બે અજાણ્યા શખ્સો આવ્યા હતાં અને એક્ટીવા દુર લઇ લે મને નડે છે તેમ કહેતાં મિતે એક્ટીવા દુર લઇ લીધુ હતું. આમ છતાં આ બંને શખસો ગાળો દેવા માંડ્યા હતાં. ગાળો દેવાની ના પાડતાં હોટલ પારથી ચા બનાવવાનો ડોયો અને બીજા શખ્સે લાકડી લાવી હુમલો કર્યો હતો. જેમાં મિતને હાથેપગે ફટકા માર્યા હતાં. મોટો ભાઇ પ્રેમ વીરડા બચાવવા વચ્ચે પડતાં તેને આડેધડ ડોયા અને લાકડીના ઘા ફટકારતાં તે લોહીલુહાણ થઇ પડી ગયો હતો.

બંનેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. જ્યાં મિતને પ્રાથમિક સારવાર અપાઇ હતી. પ્રેમને દાખલ કરાયો હતો. બેભાન હાલતમાં વધુ સારવાર માટે અમદાવાદ લઇ જવાયો હતો. ત્યાં આજે બપોર બાદ પ્રેમનું મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. તાલુકા પોલીસને અમદાવાદ પોલીસે જાણ કરતાં વિશેષ કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવને પગલે વિરડા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તાલુકા પોલીસે મારામારીની આ ઘટનામાં હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ કરી હતી. યુવાન આશાસ્પદ દિકરાની હત્યાથી વિરડા-આહિર પરિવારમાં અને પુષ્કરધામ સોસાયટીમાં ગમગીની વ્યાપી ગઇ છે.

અપમૃત્યુની પાંચ ઘટનામાં યુવાનો, આધેડ, મહિલાની જિંદગી ખતમ

હોમગાર્ડ જવાન સહિત ત્રણના દિલની દગાખોરીથી જીવ ગયા

એક યુવાનનું બેભાન હાલતમાં અને એક મહિલાનું પણ બેભાન હાલતમાં મૃત્યુઃ તમામે સિવિલ હોસ્પિટલમાં લીધા અંતિમશ્વાસઃ પરિવારોમાં શોક : આપઘાતના પ્રયાસની બે ઘટનામાં કે.ટી.ની ચિંતામાં છાત્રએ, ઘરમાં કલેશને કારણે યુવાનનો ઝેર-ફિનાઇલ પી લીધા

રાજકોટ તા. ૧૨

અપમૃત્યુની અલગ અલગ ઘટનાઓમાં પાંચ લોકોના મૃત્યુ થયા હતાં. જેમાં એક હોમગાર્ડ જવાન સહિત ત્રણના દિલની દગાખોરીથી મૃત્યુ થયા હતાં. એક મહિલાનનું શ્વાસની તકલીફ થયા બાદ અને એક યુવાનનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ બનાવમાં ચોટીલા જ્યોતિનગરમાં રહેતાં શૈલેષભાઇ જાદવજીભાઇ મકવાણા નામના ત્રેપન વર્ષના પ્રૌઢને ઘરે હતાં ત્યારે ત્યારે છાતીમાં દુઃખાવો શરૂ થતાં ચોટીલા સારવાર અપાવી રાતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર શૈલેષભાઇ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં બે પુત્રી છે. પોતે ચોટીલામાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતાં હતાં અને કેબલની દુકાન પણ ચલાવતાં હતાં. હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યાનું સગાએ કહ્યું હતું. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજા બનાવમાં રૈયાધાર રાણીમા રૂડીમા ચોકમાં રહેતાં જીવણભાઇ ઘેલાભાઇ ગોહેલ નામના પિસ્તાલીસ વર્ષના આધેડ ઘરે સુતા બાદ નહિ જાગતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. તેઓ એક બહેન અને ચાર ભાઇમાં બીજા હતાં અને રિક્ષા હંકારી



ગુજરાન ચલાવતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું.

ત્રીજા બનાવમાં રૈયાધાર મચ્છુનગર ક્વાર્ટરમાં રહેતાં સોમાભાઇ અમથુભાઇ વઢીયારા નામના ચાલીસ વર્ષના યુવાન સાંજે ઘરે રેકડીમાં બેઠા બેઠા ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ બે બહેન અને ચાર ભાઇમાં બીજા હતાં. તેમને સંતાન નથી. બકાલુ વેંચી ગુજરાન ચલાવતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું.

ચોથા બનાવમાં બજરંગવાડી રાજીવનગર શેરી નં. ૮માં રહેતાં સોયેબભાઇ અલ્લારખાભાઇ મંધરા નામના ઓગણચાલીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં બે પુત્રી છે. ઘણા સમયથી લિવર કિડનીની તકલીફ હોવાનું સગાએ કહ્યું હતું.

પાંચમા બનાવમાં નાના મવા સર્કલ પાસે આવાસ ક્વાર્ટરમાં રહેતાં બાવન વર્ષના મુમતાઝબેન ઇસ્માઇલભાઇ સૈયદ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાન નથી. તેમના પતિ ઢેબર રોડ પર દુકાનમાં કામ કરે છે. મુમતાઝબેનને શ્વાસમાં તકલીફ થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. તેમ સગાએ કહેતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાતના પ્રયાસની એક ઘટનામાં બાબરાના ચમારડીનો વતની અને હાલ મેટોડા જીઆઇડીસી ગેઇટ-૨માં રૂમ રાખીને રહેતો ૧૮ વર્ષનો છાત્ર યુવાન સાંજે કોઇ દવા પી જતાં ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરી હતી. આ યુવાન એક બહેનથી મોટો છે અને જસદણ ખાતે ડીપ્લોમાનો અભ્યાસ કરે છે. પરંતુ તેને ચાર વિષયમાં કે.ટી. આવી હોઇ સોલ્વ કરવા માટે ટ્યુશન કરતો હોઇ હાલ મેટોડામાં રૂમ રાખીને રહે છે. કે. ટી. સોલ્વ થશે કે કેમ? તેનું સતત ટેન્શન રહેતું હોઇ તેણે આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

જ્યારે બીજા એક બનાવમાં મોચી બજાર અજમેરા કોલ્ડ્રીંક્સ પાસે રહેતાં રોહિત મીથુનભાઇ ગોહેલ નામના ચોવીસ વર્ષના યુવાને ઘરમાં કલેશ થતાં ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. રોહિત બે ભાઇમાં મોટો છે અને સફાઇ કામ કરે છે. તેને બે સંતાન છે. ત્રીજા બનાવમાં બામણબોર ખાતે રહેતાં છવ્વીસ વર્ષના નરેશભાઇ મનસુખભાઇ વાળા નામના યુવાને કુવાડવા જીઆઇડીસીના બ્રીજ નીચે ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં કુવાડવા રોડ પોલીસને જાણ કરવામાં આવી હતી. સારવાર બાદ તેને રજા અપાઇ હતી.

વૃક્ષ કાપીને જ આંગણવાડી બનશે : ૮ જણાનો બખેડો

સોસાયટીના લોકોએ કોમન પ્લોટમાં આંગણવાડી ભલે બને પણ છોડ-ઝાડ કાપવા નહિ એ શરતે મંજુરી આપેલીઃ પણ અમુક લોકો વૃક્ષો કાપી નાંખવા મક્કમ હોઇ માથાકુટ થઇઃ પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ તા. ૧૨

આજીડેમ નજીક રામવન પાસે રામપાર્ક સોસાયટીમાં કોમન પ્લોટમાં આંગણવાડી બનાવવાના મુદ્દે વિવાદ સર્જાયો છે. આંગણવાડી બનાવવા માટે સોસાયટીના કોમન પ્લોટમાં રહેલા ઝાડ, છોડવા કાપવાના મુદ્દે સોસાયટીના કેટલાક રહેવાસીઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન બોલાચાલી, ઝઘડો કરી ધમકી આપી સોસાયટીના રહેવાસીઓને હેરાન-પરેશાન કર્યાના આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

આજીડેમ પોલીસે રામપાર્ક સોસાયટી (મુકેશ પાર્ક)માં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં કુલદીપભાઇ લાખાભાઇ કરમટા (ઉ.વ.૩૨)ની ફરિયાદ પરથી રામપાર્ક તથા રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતાં કાળુભાઇ હેરભા, રણજીતભાઇ ચાવડા, બલી જંગવડ, સાગર જળુ, ભૂપત ચાવડા, સુનિલ ખુંગલા અને તુષાર મેતા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે.

ફરિયાદ મુજબ રામપાર્ક સોસાયટીના કોમન પ્લોટમાં છેલ્લા કેટલાક સમયથી આંગણવાડી બનાવવાની ચર્ચા ચાલી રહી હતી. સોસાયટીના કેટલાક રહેવાસીઓ આંગણવાડી બનાવવા માટે સહમત હતા, પરંતુ તેમની શરત હતી કે કોમન પ્લોટમાં આવેલા ઝાડવા અને વૃક્ષો કાપ્યા વિના ખુલ્લી જગ્યામાં આંગણવાડી બનાવવામાં આવે. વૃક્ષો કાપીને બાંધકામ કરવામાં આવે તો સોસાયટીના રહેવાસીઓ મંજૂરી નહીં આપે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

આંગણવાડી બનાવવાના મુદ્દે સોસાયટીના રહેવાસીઓ સાથે નિલેશભાઈ હેરમા અને કાળુભાઈ હેરમા સહિતના લોકોની બેઠક યોજાઈ હતી. ફરિયાદીનું કહેવું છે કે આ બેઠક દરમિયાન પણ વૃક્ષો કાપ્યા વિના આંગણવાડી બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી. જો કે કાળુભાઈ હેરમા દ્વારા વૃક્ષો કાપીને જ આંગણવાડી બનાવવામાં આવશે તેમ જણાવાતા સોસાયટીના કેટલાક રહેવાસીઓએ તેનો વિરોધ કર્યો હતો. ત્યારબાદ થોડા દિવસ અગાઉ રાત્રિના સમયે સોસાયટીના રહેવાસીઓ રામેશ્વર મંદિર ખાતે એકત્ર થયા હતા અને આંગણવાડીના મુદ્દે ચર્ચા કરી હતી. જેમાં કોમન પ્લોટમાં રહેલા વૃક્ષોને નુકસાન પહોંચાડ્યા વિના ખુલ્લી જગ્યામાં આંગણવાડી બનાવવાનો પ્રસ્તાવ મુકાયો હતો. ફરિયાદ મુજબ, આ દરમિયાન સોસાયટીમાં રહેતા રણજીતભાઈ ચાવડાએ વૃક્ષો કાપીને જ આંગણવાડી બનાવવાની વાત કરતા અન્ય રહેવાસીઓ સાથે બોલાચાલી અને ઝઘડો થયો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ ત્યારબાદ રાતે આશરે દસેક વાગ્યાના અરસામાં નજીકની રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા બલી જંગવડ અને સાગર જળુ તેમજ રામપાર્ક સોસાયટીમાં રહેતા ભુપત ચાવડા, સુનીલ ખુંગલા અને અન્ય અજાણ્યા લોકોનું ટોળું સોસાયટીમાં આવ્યું હતું. આ લોકો સોસાયટીમાં રહેતા લાખાભાઈ ભરવાડના ઘરે ગયા હોવાનું અને ત્યાં હાજર મહિલાઓ સાથે બોલાચાલી કરી અપશબ્દો બોલ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં, પરિવાર દ્વારા અગાઉ કરવામાં આવેલી અરજી પરત ખેંચી લેવા માટે દબાણ કરવામાં આવ્યું અને અરજી પરત નહીં ખેંચવામાં આવે તો માર મારવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. ફરિયાદી કુલદિપભાઈ કરમટાના જણાવ્યા મુજબ ત્યારબાદ આ જ લોકો તેમના ઘરે પણ આવ્યા હતા અને કોમન પ્લોટમાં વૃક્ષો કાપીને જ આંગણવાડી બનાવવામાં આવશે તેમજ તમારાથી થાય તે કરી લેજો તેમ કહી ધાકધમકી આપી હતી. આ ઘટનાને પગલે સોસાયટીના રહેવાસીઓમાં ભયનો માહોલ ભો થયો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાત્રિના આશરે ૧૧ વાગ્યાના સમયે સોસાયટીમાં રહેતા તુષાર મહેતા નામના વ્યક્તિએ પોતાની કેટા કાર સોસાયટીના મુખ્ય રસ્તા પર આડી મુકીને સોસાયટીના રહેવાસીઓને હેરાન-પરેશાન કર્યા હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

સમગ્ર ઘટનાને પગલે ફરિયાદી સહિત સોસાયટીના કેટલાક રહેવાસીઓ પોલીસ સ્ટેશન ખાતે ઝુંબરૂ પહોંચ્યા હતા. ફરિયાદમાં કાળુભાઈ હેરમા, રણજીતભાઈ ચાવડા, બલી જંગવડ, સાગર જળુ, ભુપત ચાવડા, સુનીલ ખુંગલા અને તુષાર મહેતા સહિત સાત વ્યક્તિઓ સામે આંગણવાડીના મુદ્દે વિવાદ, બોલાચાલી, ધમકી અને સોસાયટીમાં ભયનો માહોલ ભો કરવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફેસબૂક પર તન્મય ત્યાગી નામ ધારણ કરી ગઠીયાએ આચરી છેતરપીંડી

વિદેશી ગિફ્ટની લ્હાયમાં મહિલાને ચાર લાખનો ડામ

ફ્રેન્ડ બનેલા ગઠીયાએ લંડનથી આઇફોન, ગોલ્ડ સહિતની ગીફ્ટ મોકલી બાદ છોડાવવા ઓનલાઇન ફી ભરવી પડશે, કહી છેતરપિંડી આચરી : બીજી તરફ બેંક કર્મીનો ફોન હેક કરી નાણા ઉસેડ્યા

રાજકોટ, તા. ૧૨

સાયબર ફ્રોડ આચરતાં લેભાગુઓ સોશિયલ મિડીયાનો સતત દુરૂપયોગ કરી ઠગાઇ કરતાં રહે છે. સોશિયલ મિડીયા પર દોસ્તી કરીને બાદમાં ગિફ્ટ મોકલવાના નામે પણ ઠગાઇ થતી રહે છે. આવી જ એક છેતરપીંડી બેંકના મહિલા કર્મચારી સાથે થઇ હતી. જેમાં તેણે સોશિયલ મિડીયા વ્હોટ્સએપ પર અજાણ્યા સાથે દોસ્તી કરી હતી. આ પછી આ કહેવાતા દોસ્તે લંડનથી મોંઘી ગીફ્ટ મોકલવાના નામે સાયબર ફ્રોડ આચરી પોણા ચાર લાખ ઉસેડી લીધા હતાં. આ ફ્રોડ માટે ગઠીયાએ ફેસબૂક પર તન્મય ત્યાગી નામ ધારણ કરી એ પછી ફ્રેન્ડશીપની આડમાં ફ્રોડની જાળ બિછાવી શિકાર કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો કચ્છના માંડવીનો આ કિસ્સો છે. સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા કરવી માંડવી તાલુકાના એક ગામના અને બેંકમાં ફરજ બજાવતી મહિલાને ભારે પડી હતી. લંડનથી મોંઘી ગિટ મોકલવાની લાલચ આપી સાયબર ઠગબાજોએ અલગ-અલગ બહાને તેમની પાસેથી રૂપિયા ૩.૭૩ લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ માંડવી પોલીસ સ્ટેશનમાં નોંધાતા તપાસ શરૂ થઇ હતી. વધુ વિગતો અનુસારે ફેસબુક પર તન્મય ત્યાગી નામના આઇડી પરથી મહિલાનો સંપર્ક થયો હતો. બાદમાં વોટ્સએપ પર વાતચીત શરૂ કરી યુકેના ગઠિયાએ મિત્રતા કેળવી હતી.

ત્યારબાદ ગઠિયાએ પોતે લંડનમાં રહેતો હોવાનું કહી આઇફોન સેવન્ટીન પ્રો, ડાયમંડ નેકલેસ, સોનાની ઘડિયાળ અને ડોલર ગિટમાં મોકલવાની લાલચ આપી હતી. વિશ્વાસ જીતવા નકલી કુરિયર સ્લિપ પણ મોકલી હતી. આ પછી દલ્હી એરપોર્ટ કુરિયર સર્વિસના નામે ફોન કરી પાર્સલ છોડાવવા માટે કુરિયર, ડોલર એક્સચેન્જ, વેરિફિકેશન અને સિકયોરિટી ચાર્જના નામે રૂ. ૩,૭૩,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. મહિલાએ આ રકમ પોતાની બચત, મિત્ર અને બજારમાંથી ઉછીના લઈને ચૂકવી હતી. જે તે



વખતે ગઠીયાએ આ પાર્સલ છોડાવવા માટેની રકમ અને ગીફ્ટ એમ બધુ તેણીને મોકલાવી દેશે તેવી ખાત્રી આપતાં તેણે રકમ આપી દીધી હતી.

જો કે આ પછી વધુ પૈસાની માગણી થતાં છેતરપિંડીનો અહેસાસ થતાં મહિલાએ આખરે તપાસ કરતાં ફ્રોડ થયાનું જણાતાં માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગિટ ફ્રોડથી બચવા આ સાવચેતી રાખો અજાણી પ્રોફાઇલથી સાવચેત રહોે સોશિયલ મીડિયા પર અજાણ્યા કે વિદેશી વ્યક્તિઓની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારતા પહેલાં વિચાર કરો. ગિટ મેળવવા પૈસા ન ચુકવો. કોઈપણ કસ્ટમ વિભાગ કે કુરિયર કંપની ફોન કરીને અંગત ઓટીપી કે ક્યુઆર કોડ પર પૈસા માંગતી નથી. ઓનલાઇન કુરિયર સ્લિપ વેરીફાય કરો. ગઠિયાઓ બનાવટી રસીદ મોકલે છે, તેની અધિકૃત વેબસાઇટ પર જઈને જ ટ્રેકિંગ નંબર ચકાસો. જો સાયબર ફ્રોડનો ભોગ બનો તો તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર સંપર્ક કરો.

બીજી ઠગાઇ જોઇએ તો ગઠીયાઓએ બેંક કર્મચારીનો ફોન હેક કરીને એકાઉન્ટમાંથી ૫૫ હજાર ટ્રાન્સફર કરી લઇ છેતરપિંડી કરી હતી. જે અંગે વરણામા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પોર ગામ કોટવાળા ફળિયામાં રહેતા અને પોરની ધ બરોડા સેન્ટ્રલ કો.ઓ. બેંક લિ.માં ક્લાર્ક તરીકે નોકરી કરતા જૈમિનકુમાર રમેશભાઇ પટેલે વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે રાત્રે સાડા આઠ વાગ્યે મારો મોબાઇલ ફોન એકદમ ગરમ થવા લાગ્યો હતો. ત્યારબાદ મારો ફોન અચાનક બંધ થઇ ગયો હતો.

અડધો કલાક પછી ફોન ચાલુ થઇ ગયો હતો. ફોનમાં ચેક કરતા મેં ડાઉનલોડ કરેલી એપ્લિકેશન ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ચેટ જી.ટી.પી., ોપ ચેટ તેમજ મારી ધ બરોડા સેન્ટ્રલ બેંકની એપ્લિકેશન ડિલીટ થઇ ગઇ હતી. ફોન અપડેટ થયો હશે તેવું માનીને મે ફરીથી તમામ એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ ૩ જી તારીખે મારે દવાખાનાના કામ માટે રૂપિયાની જરૂર હોઇ બેંકમાં પૈસા ઉપાડવા માટે ગયો હતો. પરંતુ બેંકના સ્ટાફે એવો જવાબ આપ્યો કે,તમારા એકાઉન્ટમાં રૂપિયા નથી. સ્ટેટમેન્ટ ચેક કરતા મારા એકાઉન્ટમાંથી છ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ ૫૫ હજાર વિડ્રો થઇ ગયા હતા. આમ આ નવતર ફ્રોડ થયું હતું.

વ્હોટ્સએપથી ગઠીયાઓએ સંપર્ક કરી સીટ બૂકીંગ માટે પચાસ હજાર લઇ તેની રશીદ મોકલી વિશ્વાસ જીતી જાળ બીછાવી

તબિબને એડમિશનના નામે ૧૫ લાખનો ડામ

દિકરીને એન્જિનીયરીંગમાં પ્રવેશ અપાવવા પ્રયાસ કરતાં હતાં ત્યારે ગઠીયા ઘા કરી ગયાઃ કોલેજના અધિકારીનો સ્વાંગ રચી છેતરપીંડી કરી

રાજકોટ, તા. ૧૨

જોબના નામે કે પછી એડમીશનના નામે તો ક્યારેક વર્ક પરમીટ વિઝા બનાવડાવી વિદેશ મોકલી આપવાના બહાને ઠગાઇ થતી જ રહે છે. ઠેકઠેકાણે ગઠીયાઓ આ રીતે ગામને છેતરીને પોતાના ગજવા ભરી લેવામાં સફળ થઇ રહ્યા છે. હવે એક કિસ્સામાં એક ડોક્ટરને ગઠીયો પંદર લાખનું ઠગાઇનું ઇન્જેકશન ઠપકારી ગયો હતો. તેમના દિકરીને એન્જિનીયરીંગ કોલેજમાં એડમીશન લેવાનું હોઇ તે તેના માટે પ્રયાસમાં હતાં ત્યારે જ ગઠીયાનો ભેટો થઇ ગયો હતો અને અને આ ગઠીયો કોલેજના અધિકારીનો સ્વાંગ રચીને હોટેલમાં આવ્યો હતો. બાદમાં ડોકટરને આબાદ છેતરી ગયો હતો. શરૂઆતમાં સીટ બૂકીંગના નામ રોકડા મેળવી વ્હોટ્સએપમાં એક પચાસ હજારની રશીદ પણ મોકલી હતી. જો કે એ નકલી હોવાનું ખુલ્યું હતું. આ ડોક્ટરનો સંપર્ક પણ ગઠીયાઓએ પહેલા ઓનલાઇન કર્યો હતો. પછી જાળમાં ફસાવ્યા હતાં.

વિતગો જોઇને ઓ ત અમદાવાદમાં શહેરમાં દીકરીને એન્જિનિયરિંગમાં એડમિશન અપાવવાનું સપનું જોઈ રહેલા તબીબને વોટ્સએપ પર સંપર્ક કરનારા શખ્સોએ વિશ્વાસમાં લઈને ૧૫.૫૦ લાખ રૂપિયા ખંખેરી લીધા છે. બીટ્સેટમાં ઓછા માર્ક્સ આવ્યા હોવાથી દીકરીનું એડમિશન થઈ શક્યું નહોતું.આ દરમિયાન નિહારીકા શર્મા અને પ્રતિક ગુમાએ સંપર્ક કરીને બીટ્સ પિલાણીમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેની ખાલી સીટમાં એડમિશન કરાવી આપવાની વાત કરી હતી. શરૂઆતમાં ૧૬ લાખ રૂપિયા માંગ્યા બાદ પચાસ હજાર રૂપિયામાં સીટ બુક કરવાની વાત કરી હતી. પચાસ હજારની રસીદ મોકલી વિશ્વાસ જીત્યા બાદ દીકરીના દસ્તાવેજો પણ મેળવી લીધા હતા.

ત્યારબાદ હૈદરાબાદની હોટલમાં બે શખ્સોએ પોતાને બીટ્સ પિલાણીની એડમિશન કમિટીના અધિકૃત વ્યક્તિ તરીકે ઓળખાવી એડમિશન થઈ ગયું હોવાનું કહી ૧૫ લાખ રૂપિયા લઈ લીધા હતા. રૂપિયા મળ્યા બાદ તમામના મોબાઈલ બંધ થઈ જતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. શાહીબાગમાં સ્ટેડિયમની બાજુમાં આવેલી ઈસ્કોન રિવર સાઇટ લેટમાં રહેતા ડો. ગોપાલ ભાટીયા સિવિલ હોસ્પિટલ પાસે અમદાવાદ સાયકિયાટ્રીક ક્લિનિક ધરાવે છે. ગોપાલ ભાટીયા પત્ની મૌસમી અને દીકરી મિત્રા સાથે રહે છે. મિત્રાએ



જૂન ૨૦૨૬માં ધોરણ બારની પરીક્ષા પાસ કરી હતી. ત્યારબાદ એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા માટે બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ યુનિવર્સિટીની બીટ્સેટ પરીક્ષા આપી હતી. પરંતુ ઓછા માર્ક્સ આવતા તેનું એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન થયું ન હતું.

હાલ મિત્રા પંજાબના પટિયાલામાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે. મિત્રાના એડમિશન માટે પરિવાર -યાસ કરી રહ્યો હતો ત્યારે ગોપાલ ભાટીયાના વોટ્સએપ પર નિહારીકા શર્મા અને -તિક ગુમાનો સંપર્ક થયો હતો. બંનેએ ગોપાલને જણાવ્યું હતું કે મિત્રાના બીટ્સેટમાં ઓછા માર્ક્સ આવ્યા છે, પરંતુ બીટ્સની એન્જિનિયરિંગ કોલેજમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેની સીટો ખાલી છે. આ સીટમાં મિત્રાનું એડમિશન કરાવી આપવાની ખાતરી આપી હતી. તેના માટે ૧૬ લાખ રૂપિયા ચૂકવવાના રહેશે તેમ જણાવ્યું હતું. ગોપાલે શરૂઆતમાં કોઈ જવાબ આપ્યો ન હતો. જોકે, નિહારીકા શર્મા અવારનવાર ફોન કરીને એડમિશન અંગે વાત કરતી હતી. બાદમાં પાંચ લાખ રૂપિયા ભરવાનું કહેવામાં આવ્યું હતું. ગોપાલે તેનો પણ જવાબ આપ્યો ન હતો.

ત્યારબાદ નિહારીકાએ પચાસ હજાર રૂપિયા ભરીને સીટ બુક કરાવી દેવાની વાત કરી હતી. દીકરીના એન્જિનિયરિંગના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ગોપાલને તેમની વાત પર વિશ્વાસ આવ્યો હતો. નિહારીકાએ વોટ્સએપ પર બેંકની વિગતો મોકલી હતી.ગોપાલે તેમાં ૫૦ હજાર રૂપિયા જમા કરાવ્યા હતા.રકમ મળ્યા બાદ નિહારીકાએ રસીદ પણ મોકલી હતી. ત્યારબાદ મિત્રાના એડમિશન માટેના તમામ દસ્તાવેજો વોટ્સએપ પર મંગાવવામાં આવ્યા હતા.આ પછી નિહારીકાએ ગોપાલને ૧૬ લાખ રૂપિયાનો ચેક આપવાનું કહ્યું હતું. દીકરીનું એડમિશન થઈ જાય ત્યારે ૧૬ લાખ રૂપિયા રોકડા આપી ચેક પરત કરી દેવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. આ પછી ગોપાલ ભાટીયા પત્ની મૌસમી અને દીકરી મિત્રા સાથે હૈદરાબાદ ગયા હતા.

તેઓ એક હોટલમાં રોકાયા હતા. હોટલમાં તેમને મળવા માટે વિવાન અને વિરેન્દ્ર નામના બે શખ્સો આવ્યા હતા. બંનેએ પોતાને બીટ્સ પિલાણી યુનિવર્સીટીમાં એડમિશન કમિટીના અધિકૃત વ્યક્તિ તરીકે ઓળખાવ્યા હતા. બંનેએ મિત્રાનું એડમિશન થઈ ગયું હોવાનું કહી ગોપાલને વિશ્વાસમાં લીધા હતા. દીકરીનું એડમિશન થઈ ગયું હોવાનું માની ગોપાલે બંનેને ૧૫ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. પણ રકમ ચૂકવ્યા બાદ પણ મિત્રાનું એડમિશન થયું ન હતું. ગોપાલે નિહારીકા, પ્રતિક, વિવાન અને વિરેન્દ્રનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તમામના મોબાઇલ નંબર બંધ થઈ ગયા હતા. વોટ્સએપ પર પણ સંપર્ક થઈ શકયો ન હતો. આથી ગોપાલને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. આ મામલે ગોપાલ ભાટીયાએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં વિવાન, વિરેન્દ્ર, નિહારીકા શર્મા, પ્રતિક ગુમા અને વેદીકા સિંઘ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.



ઓછા દરની લોનના નામે ઓગણત્રીસ લાખનો ચૂનો

ખાનગી કંપનીના કર્મચારીને દિકરીના લગ્ન માટે પાંચ લાખની લોન મંજુર કરાવી આપવાના નામે ગઠીયાઓએ છેતરી લીધા

રાજકોટ તા. ૧૨

સાયબર ગઠીયાઓ ગમે ત્યારે ગમે તેમ કરીને લોકોને ફ્રોડનો શિકાર બનાવી લેતાં હોય છે. રોજેરોજ આ રીતે લોકો નાણા ગુમાવી રહ્યા છે. આ વચ્ચે વધુ એક આવી લાખોની ઠગાઇ થઇ હતી. જેમાં એક એક ખાનગી નોકરી કરતાં પ્રૌઢને દિકરીના લગ્ન કરવા માટે પાંચ લાખની લોનની જરૂર હોઇ ગઠીયાએ કંપનીના અધિકારી હોવાની ઓળખ આપી આ પ્રૌઢને પાંચ લાખની પર્સનલ લોન કરાવી દેવાના નામે તેમની પાસેથી અઠ્ઠાવીસ લાખ સત્યોતેર હજાર પડાવી લીધા હતાં!

વિગતો પર નજર કરીએ તો ઘટના વડોદરાની છે. પરંતુ આ પ્રકારના ફ્રોડનો ભોગ કોઇપણ લોકો બની શકે છે. દીકરીના લગ્ન ધામધૂમથી કરવા માટે માત્ર પાંચ લાખની પર્સનલ લોન મેળવવાની આશામાં વડોદરાના એક નિર્દોષ કર્મચારી સાયબર ગઠિયાઓની ચુંગાલમાં ફસાયા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખાનગી ફાયનાન્સ કંપનીના સિનિયર અધિકારી તરીકે ઓળખ આપી ભેજાબાજોએ -ોસેસિંગ ફી, સર્વિસ ચાર્જ, એનઓસી અને જીએસટી જેવાં વિવિધ બહાનાં હેઠળ ફરિયાદી પાસેથી કટકે-કટકે અધધધ ૨૮.૭૭ લાખ પડાવી લીધા હતા. છેવટે લોન ન મળતાં ઠગાઈનો અહેસાસ થતાં ભોગ બનનારે સાયબર ક્રાઇમ પોલીસનો સંપર્ક સાધતાં પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી.

વધુ માહિતી જોઇએ તો તરસાલી વિસ્તારમાં રહેતા પંચાવન વર્ષીય આધેડ પોર ખાતે આવેલી એક ખાનગી કંપનીમાં છેલ્લા



એકવીસ વર્ષથી ડિસ્પેચ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. દીકરીના લગ્નનું આયોજન હોવાથી તેમને પાંચ લાખની લોનની તાતી જરૂરિયાત હતી. આ દરમિયાન તેમણે પર્સનલ લોન માટે સર્ચ કર્યું હોઇ તેમના મોબાઇલ પર રાજ ગોપાલ કુંડુ નામના અજાણ્યા શખ્સનો કોલ આવ્યો હતો. તેણે પોતે બજાજ ફિનસર્વનો સિનિયર ઓફિસર હોવાનું જણાવી વાર્ષિક માત્ર ચાર ટકાના રાહત દરે છ વર્ષની મુદત માટે પાંચ લાખની લોન મંજૂર કરાવી આપવાની લાલચ આપી હતી. આથી આ પ્રૌઢને લોનની ખુબ જરૂર હોઇ તેઓ આ લોન લેવા માટે તૈયાર થયા હતાં. એ સાથે જ ગઠીયાએ તેમને લોન મંજુર કરાવી આપવાની પ્રોસેસ ચાલુ કરી હતી.

આ પછી શરૂઆતમાં લોન પ્રોસેસિંગ ચાર્જ પેટે રૂપિયા ૧૯૫૦ માગવામાં આવતાં ફરિયાદીએ ઓનલાઇન ચૂકવી દીધા હતા. ત્યારબાદ સર્વિસ ચાર્જના નામે બે વખત ૧૨,૪૪૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. વિશ્વાસ કેળવ્યા બાદ એનઓસી પેટે ૨૪,૬૫૦ અને લોન પાસ થઈ ગઈ હોવાનું જણાવી જીએસટી પેટે ૪૨,૫૦૦ પડાવી લીધા હતા. અલગ-અલગ બેંક ખાતાઓમાં પૈસા જમા કરાવ્યા બાદ પણ આરોપીઓએ વારંવાર નવા ચાર્જીસના નામે પૈસાની ઉઘરાણી ચાલુ રાખી હતી. વારંવાર પૈસાની માગણી થતાં ફરિયાદીને શંકા ગઈ હતી. જેથી તેમણે કથિત મેનેજર આકાશ વર્મા સાથે વાત કરી હતી. તેણે પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ જશે એવી ખાતરી આપીને ભોગ બનનારનો ભરોસો જાળવી રાખ્યો હતો.

આરોપીઓએ વોટ્સએપ પર કંપનીના ઓળખપત્રો તેમજ પૈસા જમા થયાની બનાવટી સ્લિપો મોકલી હતી. આ રીતે ફરિયાદી પાસેથી વિવિધ ખાતાઓમાં કુલ ૨૮,૭૭,૬૫૯ પડાવી લેવાયા હતા. લાંબો સમય વીતવા છતાં એકાઉન્ટમાં લોનની રકમ જમા ન થતાં અને ગઠિયાઓ તરફથી વધુ પૈસાની માંગણી ચાલુ રહેતાં અંતે ફરિયાદીએ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે રાજ ગોપાલ કુંડુ, આકાશ વર્મા તેમજ નાણાં મેળવનારા બેંક ખાતાધારકો સામે ગુનો નોંધી, વોટ્સએપ ચેટ્સ અને બેંક ટ્રાન્ઝેક્શનના આધારે આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કયા હતાં. આમ ઓછા દરે લોન લેવાના પ્રયાસમાં ખાનગી કંપનીના અધિકારીને ઓગણત્રીસ લાખ જેવી રકમ ગુમાવવાનો વખત આવ્યો હતો.

ATM મશીનમાંથી ગ્રાહકોના રૂપિયા સેરવી લેતી ટોળકી સક્રિય

ત્રિકોણ બાગ પાસે આવેલી SBI બેંકના એટીએમમાં અજાણ્યા શખ્સોએ કેશ ડિસ્પેન્સર બોક્સમાં પૂંઠું ફસાવી ત્રણ ગ્રાહકોના રૂ. ૨૩,૦૦૦ ની ચોરી કરી

રાજકોટ, તા.૧૨

ત્રિકોણ બાગ પાસે જવાહર રોડ પર આવેલી જીમખાના એસ.બી.આઈ. બેંકના એટીએમમાં ચોરીનો અનોખો બનાવ સામે આવ્યો છે. બેંક મેનેજર ગોપાલકુમાર દશરથભાઈ મોદીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત ૨ ઑક્ટોબરના રોજ સવારે અગિયારેક વાગ્યાની આસપાસ બે અજાણ્યા શખ્સોએ એટીએમ રૂમમાં પ્રવેશીને રૂપિયા બહાર આવવાની જગ્યા એટલે કે કેશ ડિસ્પેન્સર બોક્સમાં એક ગ્રે કલરનું પૂંઠું ફસાવી દીધું હતું. આ બારાની એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે અજાણ્યા શખ્શો સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે, પૂંઠું ફસાવ્યા બાદ જ્યારે કોઈ ગ્રાહક એટીએમમાંથી રૂપિયા ઉપાડવા આવતા, ત્યારે તેમના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ડેબિટ થઈ ગયાનો (કપાઈ ગયાનો) મેસેજ તેમના મોબાઈલમાં આવી જતો હતો. પરંતુ, મશીનમાં પૂંઠું ફસાયેલું હોવાને કારણે રૂપિયા મશીનની બહાર નીકળતા ન હતા. ગ્રાહકો રૂપિયા ન નીકળતા નિરાશ થઈને ત્યાંથી જતા રહેતા હતા. ગ્રાહકોના ગયા બાદ આ બંને અજાણ્યા શખ્સો ફરીથી એટીએમમાં પ્રવેશીને પૂંઠું હટાવી લેતા હતા અને અંદર ફસાયેલા ગ્રાહકના રૂપિયા હાથ નાખીને કાઢી લેતા હતા. બેંકના સ્ટાફ દ્વારા સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવતા આ સમગ્ર કરતૂત સામે આવ્યા હતા.

આવી નવી મોડસ ઓપરેન્ડીથી ગઠિયાઓએ કુલ ત્રણ ગ્રાહકોને નિશાન બનાવ્યા હતા. જેમાં રાજેન્દ્રભાઈ વાગડીયાના ૧૦,૦૦૦ રૂપિયા, પરિમલભાઈ જોષીના ૧૨,૦૦૦ રૂપિયા અને એચ. ડી.એફ.સી. બેંકના અન્ય એક ગ્રાહકના ૧,૦૦૦ રૂપિયા મળીને કુલ ૨૩,૦૦૦ રૂપિયાની ચોરી કરવામાં આવી છે. આ સમગ્ર મામલે મેનેજરની ફરિયાદના આધારે એ-ડિવિઝન પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુનો નોંધ્યો છે. હેડ કોન્સ્ટેબલ નરેશકુમાર શિયાળે વધુ તપાસ આદરી છે.

લાલચના ગાજર દેખાડી ગઠીયાગીરી આચરી લેવાની વધુ એક ઘટના આવી સામે

ફોરેક્સમાં નફો લેવા જતાં ગુમાવ્યા ૧.૧૮ કરોડ

વેપારી સહિત ત્રણ લોકોને ત્રણ ઠગ આબાદ છેતરી ગયાઃ બેંક એકાઉન્ટ ફ્રીઝ થઈ જતાં તે ખોલાવી આપવાના નામે પણ નાણા ખંખેરી લીધા

રાજકોટ તા. ૧૨

ઓનલાઈન રોકાણ પર મોટા નફાની લાલચ આપી ગઠીયાઓ સતત લોકોને છેતરતા રહે છે. આવી ઠગાઇ એક ભુલો ત્યાં બીજી ત્રણ ચાર બની ચુકી હોય છે. વધુ એક કિસ્સામાં ફોરેક્સ ટ્રેડીંગના નામે એક કરોડ અઢાર લાખની ઠગાઇ કરવામાં આવી હતી. વેપારી સહિત ત્રણ લોકોએ આ રકમ ગુમાવી દીધી હતી. આ કિસ્સામાં નવી વાત એ છે કે ગઠીયાઓએ નાણા મેળવી લીધા બાદ તે ફ્રીઝ થઇ ગયા છે તેવુ બહાનુ કરી બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાના નામે પણ નાણા ખંખેર્યા હતં.

વિગતો પર નરજ કરીતે તો સુરત શહેરમાં ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરી મોટા પાયે નફો કમાવવાની લાલચ આપી લાખો રૂપિયા ખંખેરી લેતી ટોળકીનો પર્દાફાશ થયો હતો. સૈયદપુરા વાવશેરી વિસ્તારમાં રહેતા અને જરીકામનો વ્યવસાય કરતા શૈલેષભાઈ કંચનલાલ રાણા સાથે એક કરોડ અઢાર લાખથી વધુની ઠગાઈ આચરવામાં આવી છે. આરોપીઓ કૃણાલ અશોકભાઈ રાણા, આદિત્ય નિલેશભાઈ ઠક્કર અને પિનલ વિજયભાઈ બારૈયાએ એકબીજાની મિલીભગતથી પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરૂ ઘડી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા અને ફોરેક્સ માર્કેટમાં ચું રિટર્ન અપાવવાના ખોટા વાયદા કરી નાણાં મેળવ્યા હતા.

વધુ વિતગ મુજબ આ ગઠીયાઓએ માત્ર ફરિયાદી શૈલેષભાઈ જ નહીં પરંતુ તેમના સ્વજનોને પણ શિકાર બનાવ્યા હતા. આરોપીઓએ ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરાવવાના બહાને શૈલેષભાઈ પાસેથી ૨૪.૩૮ લાખ પડાવ્યા હતા. ત્યારબાદ તેમના ભાઈ કિશોર રાણા પાસેથી ૨૯.૫૧ લાખ



તેમજ તેમના મિત્ર નિકી બિસ્કિટવાલા પાસેથી ૬૫ લાખ મેળવી લીધા હતા. આમ, ત્રણેય વ્યક્તિઓ પાસેથી કુલ મળીને ૧,૧૮,૮૯,૦૦૦ની માતબર રકમ અલગ-અલગ તબક્કે મેળવી લીધી હતી અને બાદમાં કોઈ પણ જાતનો નફો કે રોકાણ કરેલી મૂડી પરત આપી નહોતી. આ ઠગબાજોએ રોકાણ પર વળતર આપવાના ખોટા બહાના ઉપરાંત અન્ય રીતે પણ પૈસા પડાવ્યા હોવાનું સામે આવ્યું હતુ.

ફરિયાદી પક્ષના બેંક એકાઉન્ટ કોઈ કારણોસર ફ્રીઝ થઈ ગયા હોવાથી તેને નિયમ મુજબ અનફ્રીઝ કરાવી આપવાની ખાતરી આપીને પણ આરોપીઓએ વધારાના પૈસા વસૂલ્યા હતા. લાંબો સમય વીતી જવા છતાં બેંક એકાઉન્ટ પણ અનફ્રીઝ ન થયા અને લીધેલા નાણાં પણ પાછા ન મળતા આખરે ફરિયાદીને પોતાની સાથે વિશ્વાસઘાત અને આયોજનબદ્ધ છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. સમગ્ર મામલે શૈલેષભાઈ રાણાની ફરિયાદના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કેસની પ્રાથમિક તપાસ પ્રોબેશનરી પીએસઆઇ આર.એન. પટેલ ચલાવી રહ્યા છે. પોલીસ હાલમાં ૧.૧૮ કરોડથી વધુના બેંક વ્યવહારો, પૈસા કયા ખાતામાં ટ્રાન્સફર થયા અને ખરેખર ફોરેક્સ ટ્રેડિંગ થયું હતું કે, માત્ર બોગસ પ્લેટફોર્મ બતાવાયું હતું તેની ઝીણવટભરી તપાસ કરી રહી છે. આ કૌભાંડમાં અન્ય કોઈ સાગરીતો સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ છે. શેર બજારમાં ઓનલાઈન રોકાણ કરી ટૂંકા ગાળામાં મોટુ વળતર અપાવવા સહિતની લાલચો આપીને ગઠીયાઓ લાખો કરોડો ઉસેડી જતાં હોય છે. આ કિસ્સામાં પણ ગઠીયાઓને એક કરોડથી વધુનો લાભ થયો હતો. લોકો લાલચમાં આવી જઇ આ રીતે નાણા ગુમાવી દેતાં હોવાના અઢળક કિસ્સા મોજુદ છે. આમ છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી આવી ઠગાઇઓ થતી રહે છે.

રક્તરંજિત રાજમાર્ગો

ઓવરસ્પીડિંગ બની 'મૃત્યુની વ્યાખ્યા', રોજના ૨૧ હોમાયા!

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના રિપોર્ટમાં સ્તબ્ધ કરનારો ખુલાસોઃ ૯૫% થી વધુ જીવલેણ અકસ્માતો પાછળ વાહનચાલકોની બેફામ ઝડપ જવાબદાર



રાજકોટ, તા. ૧૨

ગુજરાતના રાજમાર્ગો પર સ્પીડનો ઓવરડોઝ હવે નિર્દોષ લોકો માટે કાળ સાબિત થઈ રહ્યો છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અહેવાલે રાજ્યમાં માર્ગ સુરક્ષાની અત્યંત કથળેલી અને ભયાનક સ્થિતિ પરથી પડદો ઊંચક્યો છે. રિપોર્ટમાં બહાર આવેલા ચોંકાવનારા આંકડા દર્શાવે છે કે રાજ્યમાં બનતી જીવલેણ રોડ દુર્ઘટનાઓમાંથી ૯૫ ટકાથી વધુ અકસ્માતો પાછળ કોઈ ટેકનિકલ ખામી કે ખરાબ રસ્તા નહીં, પરંતુ વાહનચાલકોની બેફામ અને નિયંત્રણ બહારની ઝડપ (ઓવરસ્પીડિંગ) જ મુખ્ય કારણ છે. થોડી મિનિટોની ઉતાવળ કે રોમાંચ ખાતર વાહનચાલકો સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી બેસે છે અને ક્ષણભરમાં અનેક પરિવારોના માળા વિખેરાઈ જાય છે. રોડ સેફ્ટી ઓથોરિટીના આંકડા મુજબ, ગુજરાતમાં દરરોજ સરેરાશ ૪૮ જેટલા નાના-મોટા માર્ગ અકસ્માતો નોંધાઈ રહ્યા છે. સૌથી દર્દનાક બાબત એ છે કે આ દૈનિક અકસ્માતોમાં દરરોજ સરેરાશ ૨૧થી વધુ લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે. એટલે કે દર બે કલાકે કોઈને કોઈ પરિવાર પોતાનો કમાનારો સભ્ય, માતા-પિતા કે વહાલસોયા સંતાનને કાયમ માટે ખોઈ બેસે છે. વાહનની સ્પીડ પરથી નિયંત્રણ છૂટતાં થતા આ અકસ્માતો માત્ર આંકડા નથી, પરંતુ તેની પાછળ હજારો પરિવારોનું કાયમી આક્રંદ અને તારાજી છુપાયેલી છે.



૨૦૨૫ વિરૂદ્ધ ૨૦૨૬ઃ મૃત્યુઆંકમાં ભયાનક ઉછાળો

છેલ્લા ૧૯ મહિનાના આંકડાઓની તુલના કરીએ તો પરિસ્થિતિ વધુ ડરામણી બની રહી છે

- વર્ષ ૨૦૨૫: સમગ્ર વર્ષ દરમિયાન માર્ગ અકસ્માતોમાં કુલ ૮,૪૦૨ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા.
- વર્ષ ૨૦૨૬ (માત્ર ૭ મહિના): ૨૦૨૬ના વર્ષમાં ૨૭ જુલાઈ સુધીના ટૂંકા ગાળામાં જ મૃત્યુઆંક ૭,૪૬૩ પર પહોંચી ગયો છે.

છેલ્લા ૧૯ મહિનાના આંકડાઓની સરખામણી કરીએ તો પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ ગંભીર અને ડરામણી બની રહી છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં માર્ગ અકસ્માતોના કારણે કુલ ૮,૪૦૨ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. જેની સામે વર્ષ ૨૦૨૬ના માત્ર ૭ મહિનાના ટૂંકા ગાળામાં એટલે કે ૨૭ જુલાઈ સુધીમાં જ આ મૃત્યુઆંક ૭,૪૬૩ પર પહોંચી ગયો છે. માત્ર સાત મહિનામાં જ ગયા આખા વર્ષના મૃત્યુઆંકની નજીક પહોંચી ગયેલો આ અહેવાલ સ્પષ્ટ ચેતવણી આપે છે કે જો વાહનચાલકો પોતાની માનસિકતા અને સ્પીડ પર તુરંત અંકુશ નહીં લાવે તો ચાલુ વર્ષના અંત સુધીમાં આ આંકડો ભૂતકાળના તમામ રેકોર્ડ તોડી નાખશે.

માર્ગ સુરક્ષા નિષ્ણાતોના મતે, જ્યારે વાહન નિયત મર્યાદા કરતાં વધુ ઝડપે દોડતું હોય છે ત્યારે ચાલકની રિસ્પોન્સ વિન્ડો (પ્રતિક્રિયા આપવાનો સમય) ખૂબ ઘટી જાય છે. અચાનક સામે આવતાં વાહન, પશુ કે વળાંક વખતે બ્રેક મારવા છતાં વાહનનું મોમેન્ટમ તેને ઘસી જાય છે. વધુ ઝડપને કારણે અથડામણની ક્ષમતા અને ઈમ્પેક્ટ બમણી ઘાતક બની જાય છે, જેના કારણે બચવાની શક્યતાઓ નહિવત રહી જાય છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના આ તાજેતરના અહેવાલે સમગ્ર રાજ્ય માટે લાલબત્તી ધરી છે. ટ્રાફિક નિયમોનું કડક પાલન અને સ્પીડ લિમિટનું જતન એ માત્ર દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાના અને અન્યોના કિંમતી જીવ બચાવવા માટે અનિવાર્ય છે. સ્પીડનો રોમાંચ માત્ર થોડી ક્ષણોનો હોય છે, પરંતુ તેની ભૂલની કિંમત સમગ્ર જીવન અને પરિવાર ચૂકવે છે.

૨૦૨૫માં, ગુજરાતમાં ૧૮,૨૯૨ માર્ગ અકસ્માતો થયા હતા, જેમાં ૮,૪૦૨ લોકોના મોત થયા હતા અને ૧૮,૮૧૩ લોકો ઘાયલ થયા હતા. ૧ જાન્યુઆરીથી ૨૭ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન, ફક્ત ૧૬,૧૧૨ અકસ્માતો થયા હતા, જેમાં ૪,૭૬૩ લોકોના મોત થયા હતા અને ૧૯,૮૩૫ લોકો ઘાયલ થયા હતા. સમગ્ર ૨૦૨૫માં કુલ અકસ્માતોમાં અકસ્માતોનો હિસ્સો ૮૮.૧% હતો, જ્યારે ઈજાગ્રસ્તોની સંખ્યામાં ૧૦૫.૪%નો વધારો થયો હતો, જે ગયા વર્ષના આંકડા કરતાં ૧,૦૦૦ થી વધુ હતો. ગયા વર્ષના કુલ અકસ્માતોમાં મૃત્યુનો હિસ્સો ૫૬.૮% હતો.

જિલ્લાના ૨૩૮ કેન્દ્રોના નવા બાંધકામ પ્રગતિ હેઠળ, જ્યારે ૯૦ કેન્દ્રો હજુ ગ્રાન્ટ અને ઠરાવની રાહમાં

આંગણવાડીઓ માટે 'જમીન'ની ભારે કટોકટી

૨૨૧ કેન્દ્રો ખાનગી ભાડાના મકાનમાં ચલાવવા તંત્ર મજબૂર : જસદણ અને જેતપુરમાં નગરપાલિકાઓ જગ્યા ફાળવવામાં નિષ્ફળ જતાં હવે સરકારી પરિસરોમાં જ નિર્માણ કરવાનો આખરી આયોજનપૂર્વકનો નિર્ણય

રાજકોટ, તા. ૧૨

રાજકોટ જિલ્લામાં નાના બાળકોના સર્વાંગી વિકાસ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ માટે કાર્યરત આંગણવાડી કેન્દ્રો હાલ મકાન અને જમીનની તંગીનો સામનો કરી રહ્યા છે. જિલ્લામાં કુલ મંજૂર થયેલા ૧,૩૬૦ આંગણવાડી કેન્દ્રોમાંથી મોટા ભાગના કેન્દ્રોને પોતાના સરકારી મકાન મળી ગયા છે, પરંતુ હજુ પણ ૩૨૮ જેટલા આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચલાવવાની નોબત આવી છે. ખાસ કરીને શહેરી અને નગરપાલિકા વિસ્તારોમાં યોગ્ય જમીન ઉપલબ્ધ ન થવાના કારણે તંત્ર માટે ભાડૂતી મકાનોમાંથી મુક્તિ મેળવવી પડકારજનક બની રહ્યું છે.

જિલ્લા પંચાયત અને મહિલા અને બાળ વિકાસ વિભાગના આંકડા મુજબ, ભાડાના મકાનમાં ચાલી રહેલા ૩૨૮ કેન્દ્રોમાંથી ૧૦૭ આંગણવાડી કેન્દ્રો અન્ય સરકારી બિલ્ડિંગો અથવા પ્રાથમિક શાળાઓના પરિસરમાં ચાલતાં હોવાથી તેનું અલગથી ભાડું ચૂકવવામાં આવતું નથી. પરંતુ, બાકીના ૨૨૧ આંગણવાડી કેન્દ્રો સંપૂર્ણપણે ખાનગી માલિકીના ભાડાના મકાનમાં ધમધમી રહ્યા છે. સરકાર દ્વારા આ ખાનગી મકાનો માટે દર મહિને મોટા પ્રમાણમાં ભાડાની રકમ ચૂકવવામાં આવે છે, જેમાં ગ્રામ્ય સ્તરે મકાનમાલિકને પ્રતિ માસ રૂ. ૨,૦૦૦ અને નગરપાલિકા કે શહેરી વિસ્તારોમાં પ્રતિ માસ રૂ. ૬,૦૦૦ સુધીનું ભાડું ચૂકવવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને પોતાના કાયમી મકાન છત મળી રહે તે માટે તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજકોટ જિલ્લામાં કુલ મંજૂર થયેલા ૧,૩૬૦ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧,૦૩૨ કેન્દ્રો હાલ પોતાના સરકારી કાયમી મકાન ધરાવે છે. જ્યારે ભાડાના મકાનમાં ચાલતા ૩૨૮ કેન્દ્રો પૈકી ૨૩૮ આંગણવાડી કેન્દ્રો માટે નવા બાંધકામની પ્રક્રિયા વિવિધ સ્તરે હાલ પ્રગતિ હેઠળ છે. જોકે, બાકી રહેતા ૯૦ આંગણવાડી કેન્દ્રોના નવા બાંધકામ માટે હજુ પણ અનિશ્ચિતતા સેવાઈ રહી છે. આ ૯૦ કેન્દ્રો માટે રાજ્ય સરકારની ખાસ ગ્રાન્ટ, ૧૫મા નાણાં પંચ આયોજનની ગ્રાન્ટ કે અન્ય સરકારી યોજના હેઠળ ફંડ ઉપલબ્ધ થાય અને સાથે સાથે જરૂરી જમીનનો ઠરાવ મળે ત્યારબાદ જ તેના નવા બાંધકામનું આગળનું આયોજન હાથ ધરી શકાશે.

દરમિયાન, જસદણ અને જેતપુર જેવા નગરપાલિકા વિસ્તારોમાં જમીનની અછતને કારણે નવી આંગણવાડીઓના નિર્માણનો મુદ્દો વધુ ગંભીર બન્યો છે. જસદણ અને જેતપુરના શહેરી વિસ્તારોમાં ૫ જેટલી આંગણવાડીઓ માટે કાયમી મકાન બનાવવા સ્થાનિક સી.ડી.પી.ઓ. (મહિલા અને બાળ વિકાસ અધિકારી) દ્વારા ૬૦૦ થી ૧,૦૦૦ ચોરસ ફૂટ સુધીની સરકારી કે ગૌચરની જમીન ફાળવવા માટે સંબંધિત નગરપાલિકાઓ સમક્ષ લેખિત માગણી કરવામાં આવી હતી.

સ્થાનિક કક્ષાએ જે વિસ્તારો માટે જમીનની માગણી કરાઈ હતી તેમાં જસદણના વોર્ડ નંબર ૯ માં આવેલ 'જસદણ-૧૬' વિસ્તાર, વોર્ડ નંબર ૪ માં આવેલ 'જસદણ-૨', 'જસદણ-૨૬' અને 'જસદણ-૧૩' કેન્દ્ર, તેમજ જેતપુરના વોર્ડ નંબર ૧ માં બળદેવધાર વિસ્તારના ૧ કેન્દ્રનો સમાવેશ થાય છે. આ તમામ ૫ આંગણવાડી કેન્દ્રો માટે નગરપાલિકા કક્ષાએથી લાંબા સમય સુધી જરૂરી જમીન કે યોગ્ય જગ્યા ઉપલબ્ધ થઈ શકી ન હતી. નગરપાલિકા વિસ્તારમાં જમીન મળવામાં સર્જાયેલા આ ગૂંચવાડા અને વિલંબને પગલે હવે તંત્ર દ્વારા નીતિ વિષયક નિર્ણય લેવામાં આવ્યો છે કે જમીન ન મળે ત્યાં સુધી રાહ જોવાને બદલે ઉપલબ્ધ સરકારી પરિસરોમાં જ આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ હાથ ધરવું, જેથી ભૂલકાંઓને વહેલી તકે પોતાના સુસજ્જ મકાનની સુવિધા મળી શકે.



ગાઈડલાઈનનો ફ્લોપ શો

શિક્ષણ સમિતિમાં લાયકાત મુદ્દે કકળાટ

એક સભ્ય બિનહરીફ બન્યા પછી હવે સરકાર નિયુક્ત સભ્યનું પત્તું કપાશે ? : ગેઝેટ પ્રસિદ્ધિમાં વિલંબ થતાં ચેરમેન-વાઇસ ચેરમેનની ચૂંટણી દિવાળી પછી જવાની પ્રબળ શક્યતા : મહાપાલિકા સંચાલિત શિક્ષણ સમિતિના ૧૧ બિનહરીફ સભ્યો પૈકી એક મહિલા અને સરકાર નિયુક્ત બે પૈકી એક સભ્ય ગ્રેજ્યુએટ ન હોવાનું સામે આવતાં પ્રદેશ મોવડીમંડળ સુધી દોડધામ



રાજકોટ, તા. ૧૨

મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રચનામાં ભાજપ પક્ષ પોતે જ બનાવેલી નીતિ-રીતિની જાળમાં બરાબરનો ફસાયો છે. શિક્ષણ સમિતિના સભ્યો માટે ભાજપ પ્રદેશ કક્ષાએથી પાંચ મુદ્દાની મહત્વપૂર્ણ અને કડક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. જેમાં સભ્ય પદ માટે ઓછામાં ઓછો 'સ્નાતક (ગ્રેજ્યુએશન)' સુધીનો અભ્યાસ મુખ્ય અને અનિવાર્ય શરત તરીકે દર્શાવવામાં આવ્યો હતો. જોકે, સ્થાનિક કક્ષાએ સભ્યોની પસંદગીમાં થયેલી ગંભીર બેદરકારીને કારણે પક્ષના જ દાવાઓનો ફુગ્ગો ફૂટી ગયો છે. ૧૨ પૈકી ભાજપ તરફથી બિનહરીફ જાહેર થયેલા ૧૧ સભ્યોમાંથી એક મહિલા સભ્ય ગ્રેજ્યુએટ ન હોવાની વાત બહાર આવતાં વિવાદ શરૂ થયો હતો. આ મુદ્દો હજુ ઉકેલાયો નથી ત્યાં જ હવે પક્ષ દ્વારા સુચવવામાં આવેલા અને ગેઝેટમાં સામેલ કરવા નક્કી કરાયેલા સરકાર નિયુક્ત સભ્યો પૈકીના પણ એક સંભવિત સભ્ય ગ્રેજ્યુએટ ન હોવાની ચોંકાવનારી બાબત મોવડીમંડળના ધ્યાન પર આવી છે, જેના કારણે પક્ષમાં ભારે કકળાટ અને દોડધામ મચી ગઈ છે.

શિક્ષણ સમિતિમાં કાયદાકીય અને સરકારી નિયમોની વાત કરીએ તો, શિક્ષણ વિભાગના નિયમ મુજબ ધોરણ ૮ કે ૧૦ પાસ વ્યક્તિ પણ શિક્ષણ સમિતિના સભ્ય બની શકે છે. એટલે કે સરકારી કાયદા મુજબ સભ્ય બનવા માટે તમામ બેઠકો પર ગ્રેજ્યુએટ હોવું જરૂરી નથી. પરંતુ ભાજપે પોતાની છબી સુધારવા અને શૈક્ષણિક ગુણવત્તાનો મેસેજ આપવા માટે ગ્રેજ્યુએટ હોવાની ગાઇડલાઇન બનાવી હતી. ભાજપ દ્વારા જે ૧૧ સભ્યો જાહેર કરવામાં આવ્યા હતા, તે પૈકી ઇસ્ટ ઝોનના કલ્પનાબેન કિયાડા નામના મહિલા સભ્ય સ્નાતક ન હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જોકે, તેઓ કાયદાકીય રીતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર થઈ ચૂક્યા હોવાથી હવે તેમના નામમાં ફેરફાર કરવો કાયદાકીય રીતે શક્ય નથી. જેથી બિનહરીફ ચૂંટાયેલા મહિલા સભ્ય સરકારી નિયમ મુજબ પક્ષની ગાઇડલાઇન બહાર હોવા છતાં સભ્યપદ માટે યથાવત રહેશે.

બીજી તરફ, શિક્ષણ સમિતિમાં બિનહરીફ ચૂંટાયેલા સભ્યો ઉપરાંત ત્રણ સભ્યો સરકાર નિયુક્ત હોય છે. આ ત્રણ પૈકી બે સભ્યો માટે સ્થાનિક પક્ષ દ્વારા બે અગ્રણીઓના નામ પ્રદેશ મોવડીમંડળ અને સરકારમાં મોકલવામાં આવ્યા હતા, જ્યારે ત્રીજા સભ્ય તરીકે ગેઝેટેડ ઓફિસર હોવા જરૂરી છે. સ્થાનિક ભાજપ દ્વારા સરકાર નિયુક્ત સભ્ય તરીકે ડો. નરેન્દ્ર વિસાણી અને કુમારભાઇ શાહના નામોની ભલામણ કરવામાં આવી હતી. પરંતુ હવે પક્ષના ધ્યાન પર આવ્યું છે કે કુમારભાઇ શાહ પણ સ્નાતક સુધીનો અભ્યાસ ધરાવતા નથી. સરકાર નિયુક્ત બે સભ્યો માટે અભ્યાસ અંગેની કોઈ જ સરકારી માર્ગદર્શિકા કે કાયદાકીય નિયમ નથી, પરંતુ ભાજપે પોતાના જ બનાવેલા ગ્રેજ્યુએશનના નિયમનું પાલન કરાવવા માટે હવે કુમારભાઈ શાહનું નામ કાપીને તેમના સ્થાને પક્ષના જ કોઈ સિનિયર આગેવાનને સ્થાન આપવાનો વિકલ્પ વિચાર્યો છે. આ ફેરફાર માટે પ્રદેશ નેતાગીરીનું માર્ગદર્શન પણ મેળવી લેવાયું છે.

આ તમામ લાયકાતના લોચા અને આંતરિક ખેંચતાણને કારણે તમામ સભ્યોના નામો સરકારી ગેઝેટ (રાજપત્ર) માં પ્રસિદ્ધ કરવામાં ઉપરથી ભારે ઢીલ થઈ રહી છે. નિયમ મુજબ શિક્ષણ સમિતિના સભ્યોના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ થયા બાદ ત્રણ અઠવાડિયા (૨૧ દિવસ) ની અંદર સમિતિના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહે છે. હાલની પરિસ્થિતિ જોતાં હજુ સુધી ગેઝેટ પ્રસિદ્ધ થયું ન હોવાથી અને સરકાર નિયુક્ત એક સભ્યનું નામ બદલવાની કવાયત ચાલુ હોવાથી, ગેઝેટ પ્રસિદ્ધિ વધુ મોડી થાય તેમ લાગે છે. આ સંજોગોમાં શિક્ષણ સમિતિના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી હવે દિવાળી પછી જ યોજાય તેવી પ્રબળ શક્યતાઓ રાજકીય વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે. પક્ષના આ દોઢા ધોરણો સામે કાર્યકરો અને આગેવાનોમાં પણ અંદરખાને ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.